Tuesnday
03.09.2024
✳Volume :9 ✳ Issue No.47
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટ બેઠકે સાણંદમાં કેયન્સ સેમિકોનના પ્લાન્ટની સ્થાપના માટે મંજૂરી આપી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો

કમલમ્ ન્યુઝ,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકે ઈન્ડિયા સેમિકંડકટર મિશન અંતર્ગત ગુજરાતના સાણંદમાં વધુ એક સેમિકંડકટર યુનિટની સ્થાપનાની મંજૂરી આપી છે. આ પ્લાન્ટ કેયન્સ સેમિકોન પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રૂપિયા ૩૩૦૦ કરોડના સૂચિત રોકાણ સાથે સ્થપાશે. રોજની ૬૦ લાખ ચિપ્સનું ઉત્પાદન થવાની ક્ષમતા સાથેનો આ પ્લાન્ટ બનશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં વાઈબ્રન્ટ સેમિકન્ડકટર ઈકોસિસ્ટમના નિર્માણને વેગ આપવાની પ્રતિબદ્ધતા સાથે વડાપ્રધાનશ્રીએ આપેલી આ વધુ એક પ્લાન્ટની ભેટ માટે સમગ્ર ગુજરાત વતી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત સેમિકન્ડકટર હબ બનવાની દિશામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની લીડરશીપમાં ઝડપભેર આગળ વધી રહ્યું છે. આ હેતુસર ૨૦૨૩માં સાણંદમાં માઈક્રોનના પ્રથમ સેમિકન્ડકટર પ્લાન્ટની સ્થાપના માટે તેમણે આપેલી મંજૂરી બાદ ફેબ્રુઆરી ૨૦૨૪માં ધોલેરામાં ટાટા ઈલેક્ટ્રોનિક્સના સેમિકન્ડકટર પ્લાન્ટ માટે અને સી.જી. પાવરને સાણંદમાં આ પ્રકારના પ્લાન્ટ માટે તેમણે મંજૂરી આપી છે. હવે કેયન્સ સેમિકંડકટર પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ગુજરાતનો

ગુજરાતને મળી વધુ એક સેમિકંડકટર યુનિટની ભેટ

ગુજરાત સેમિકંડકટર હબ બનવાની દિશામાં વડાપ્રધાનશ્રીના દિશા દર્શનમાં ઝડપભેર આગળ વધી રહ્યું છે: મુખ્યમંત્રીશ્રી

કેયન્સ સેમિકોનનો પ્લાન્ટ સાણંદમાં ૩૩૦૦ કરોડ રૂપિયાના રોકાણો સાથે ૬૦ લાખ ચિપ્સ પ્રતિદિન ઉત્પાદન કરશે

ઈન્ડિયા સેમિકંડકટર મિશન અન્વયે દેશમાં પાંચ પ્લાન્ટમાંથી ૪ ગુજરાતમાં

આ ચોથો પ્લાન્ટ સાણંદમાં સ્થપાશે. આના પરિણામે રોજગારીની તકો પણ વ્યાપક બનશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં કેન્દ્ર સરકારે ભારતમાં સેમિકંડકટર અને ડિસ્પ્લે મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમને વેગ આપવા રૂપિયા ૭૬ હજાર કરોડની જોગવાઈ સાથે ઈન્ડિયા સેમિકંડકટર મિશન કાર્યરત કરેલું છે. અત્યાર સુધીમાં આ મિશન અન્વયે દેશમાં ૩ ગુજરાતમાં અને ૧ આસામમાં એમ ૪ પ્રોજેકટસ સ્થાપવાની કામગીરી વેગવંતી બને છે આ બધા જ મિનિટ મળીને અંદાજે ૧.૫૦ લાખ કરોડના રોકાણ સાથે પ્રતિદિન ૭ કરોડ ચીપ્સનું ઉત્પાદન થવાની સંભાવનાઓ છે.

૩ સપ્ટેમ્બર: આંતરરાષ્ટ્રીય સ્કાયસ્ક્રેપર દિવસ ૨૦૨૪

ગુજરાતના સ્કાયસ્ક્રેપર પ્રોજેક્ટ્સમાં ઉછાળો: ૩૦ નવી ગગનચુંબી ઈમારતોને મંજૂરી મળી, ૧૦૦૦ કરોડની આવક ઊભી થઈ

ગાંધીનગર,

ગગનચુંબી ઈમારતો અને તેમનું આકર્ષક સ્થાપત્ય વિકાસનું મહત્વનું પરિમાણ છે અને તેને ધ્યાનમાં રાખીને દર વર્ષે ૩જી સપ્ટેમ્બરે આંતરરાષ્ટ્રીય સ્કાયસ્ક્રેપર દિવસ ઉજવવામાં આવે છે. ગુજરાત માટે આ દિવસ ખૂબ મહત્વનો છે કેમ કે, તાજેતરના વર્ષોમાં રાજ્ય અનેક ગગનચુંબી ઈમારતો બનાવીને અભૂતપૂર્વ વિકાસનું સાક્ષી બન્યું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સ્કાયસ્ક્રેપર બિલ્ડીંગ્સના નિર્માણની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે, જે તેના ઝડપી શહેરી વિકાસ અને આર્કિટેક્ચરલ ઈનોવેશનનો પુરાવો છે. વર્ષ ૨૦૧૭ સુધી ગુજરાતમાં ઈમારતો માટે મહત્તમ ૭૦ મીટરની ઊંચાઈ માન્ય હતી. શહેરી વિસ્તરણની જરૂરિયાત અને વર્ટિકલ ગ્રોથની સંભાવનાને ઓળખીને રાજ્ય સરકારે ૧૦૦ મીટરથી વધુ ઊંચી, આઈકોનિક બિલ્ડિંગોના નિર્માણને પ્રોત્સાહન આપતા નિયમોમાં સુધારો કરવા માટે સક્રિય પગલાં લીધા હતા. ૨૭ મે, ૨૦૨૧ના રોજ જાહેર થયેલા આ નવા નિયમોએ અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા અને ગાંધીનગર જેવા મોટા શહેરોમાં ગગનચુંબી ઈમારતોના વિકાસ માટે માર્ગ મોકળો કર્યો છે. સરકારના નવા નિયમો ૫.૪ના મહત્તમ ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ (FSI) સાથે હાઈ-રાઈઝ બિલ્ડિંગોને મંજૂરી આપે છે. બેઝ FSI કરતાં વધી ગયેલી પ્રીમિયમ FSI રેડીરેકનર રેટના ૫૦% પર ઉપલબ્ધ છે, જે ડેવલપર્સને વર્ટિકલ ગ્રોથમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કરે છે. આ નિયમો અમલમાં આવ્યા બાદ અમદાવાદ, સુરત, ગાંધીનગર અને વડોદરામાં ૩૦ ગગનચુંબી ઈમારતોને મંજૂરી આપવામાં આવી છે. ગુજરાતના ફાઈનાન્શિયલ ટેક સિટી એટલે કે ગિફ્ટ સિટીમાં પહેલેથી જ બે ગગનચુંબી ઈમારતોનું બાંધકામ પૂર્ણ થઈ ચૂક્યું છે, અને અન્ય ૧૦ ઈમારતોનું બાંધકામ થઈ રહ્યું છે. ગુજરાતમાં વર્ટિકલ ડેવલપમેન્ટના કારણે નોંધપાત્ર આવક ઊભી કરવામાં સફળતા મળી છે, જેમાં સ્થાનિક સંસ્થાઓને પ્રીમિયમ ફ્રીઝ દ્વારા આશરે ૧૦૦૦ કરોડની આવક ઊભી થઈ છે. દિવાળી પહેલાં આવા અનેક પ્રોજેક્ટ પૂર્ણ થવાની ધારણા છે, જે રાજ્યના શહેરી લેન્ડસ્કેપને વધુ સુંદર બનાવશે. આ ઈમારતો ઊંચાઈના નવા રેકોર્ડ તો તોડી જ રહી છે, સાથે ટેરેસ લેવલ પર મિવાન ફોર્મવર્ક, શીયર વૉલ અને સ્કાયવૉક્સ જેવી અદ્યતન કન્સ્ટ્રક્શન ટેક્નોલોજીનો પણ સમાવેશ કરી રહી છે. આ ઉપરાંત, ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેની જોગવાઈ એ સુનિશ્ચિત કરે છે કે આ તમામ ડેવલપમેન્ટ્સ ભવિષ્યમાં આવનારા પરિવર્તન માટે પણ સજ્જ છે. ઊંચા બિલ્ડીંગોના નિર્માણ માટેના પ્રોજેક્ટ્સની સંભાવનાઓનું મૂલ્યાંકન કરવા માટે શહેરી વિકાસ અને શહેરી આવાસ વિભાગના અગ્ર સચિવની અધ્યક્ષતામાં રાજ્ય સ્તરે સ્પેશિયલ ટેક્નિકલ કમિટી (STC)નું ગઠન કરવામાં આવ્યું છે. આ કમિટીમાં સોઈલ મિકેનિક્સ, સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ અને ફાયર સર્વિસીસના નિષ્ણાતોનો સમાવેશ થાય છે, જેઓ સુનિશ્ચિત કરે છે કે સલામતી એ સર્વોચ્ચ પ્રાથમિકતા હોય. આમાંની ઘણી ગગનચુંબી ઈમારતોને ગ્રીન બિલ્ડિંગ્સ તરીકે રેટ કરવામાં આવી છે, જે ટકાઉ શહેરી વિકાસમાં ફાળો આપે છે અને નવા બાંધકામની પર્યાવરણીય અસરોને ઘટાડે છે. ગુજરાતની સ્કાયલાઈનમાં આવેલું પરિવર્તન અમદાવાદમાં સરખેજ-ગાંધીનગર હાઈવે જેવા મુખ્ય રોડ ઉપર સ્પષ્ટપણે પ્રદર્શિત થાય છે, જ્યાં કમર્શિયલ સ્પેસ ડેવલપમેન્ટમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. હવે જ્યારે, ઉચ્ચ FSI ઉપલબ્ધ છે, ત્યારે આ વિસ્તાર સ્કાયસ્ક્રેપર્સ એટલે કે ગગનચુંબી ઈમારતોનું હબ બનવા માટે સજ્જ છે, જે જમીનના કાર્યક્ષમ ઉપયોગ અને ટકાઉ શહેરી વિકાસ માટેની રાજ્યની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. વિશ્વ આજે જ્યારે સ્કાયસ્ક્રેપર ડેની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે ગુજરાત પ્રગતિ, નવીનીકરણ અને ભવિષ્યના વિઝન માટેના પ્રતીક તરીકે ઊભું છે. રાજ્યમાં થઈ રહેલા નવા વર્ટિકલ ડેવલપમેન્ટ્સ માત્ર રહેણાંક અને વ્યાપારી જગ્યાની વધતી જતી માંગને જ નથી સંબોધતા, પરંતુ, તેના સ્થાપત્ય વારસામાં એક નવો અધ્યાય લખવા માટેનું મંચ પણ તૈયાર કરી રહ્યા છે.

કલાકારો-સાહિત્યકારો ગુણ અને સંસ્કારથી સમાજને સમૃદ્ધ કરે છે : આચાર્ય દેવવ્રત

સંસ્કાર ભારતી, ગુજરાત પ્રાન્ત દ્વારા વિવિધ ક્ષેત્રના વરિષ્ઠ કલાકારોનું 'સંસ્કાર વિભૂષણ' પુરસ્કારથી સન્માન

રાજ્યપાલશ્રીના હસ્તે રાજ્યના ૨૮ જેટલા ખ્યાતનામ કલા સાધકોને સંસ્કાર સન્માન તથા સંસ્કાર વિભૂષણ માનપત્ર એનાયત કરાયા

કમલમ્ ન્યુઝ,

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે સંસ્કાર ભારતી, ગુજરાત પ્રાન્ત દ્વારા આયોજિત સંસ્કારોત્સવ સમારોહમાં ગુજરાતના સંગીત, સાહિત્ય, કલા, નાટ્ય-નૃત્ય સહિત વિવિધ ક્ષેત્રના વરિષ્ઠ કલાકારોનું 'સંસ્કાર વિભૂષણ' પુરસ્કારથી સન્માન કર્યું હતું. કલાક્ષેત્રના મહાનુભાવોને અભિનંદન આપતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, કલાકારો-સાહિત્યકારો વિશેષ ગુણો અને સંસ્કારોથી સમાજને અને દેશને વૈચારિક રીતે સમૃદ્ધ કરે છે. સાહિત્ય, સંગીત કે કલા માત્ર મનોરંજનનું માધ્યમ નથી, મનુષ્યમાં સુસંસ્કારોનું સિંચન કરીને આત્માને આનંદિત અને આહ્લાદિત કરીને અધ્યાત્મ તરફ લઈ જાય છે. સંસ્કાર ભારતી ૪૩ વર્ષથી ભારતીય કલા અને ભારતીય સંસ્કૃતિની સેવામાં સક્રિય છે. સંસ્કાર ભારતી એક વૈચારિક ચેતના છે, જે કલાના માધ્યમથી ભારતીય સભ્યતા અને વૈશ્વિક સમુદાયને નૂતન દિશા દર્શન કરાવવાના આશય સાથે પ્રવૃત્ત છે. ભારતના ૩૪ રાજ્યોમાં ૧૩૦૦ સમિતિઓના માધ્યમથી સંસ્કાર ભારતી સક્રિયતાથી કલા અને કલાકારોના ઉત્કર્ષ માટે કાર્યરત છે. ગુજરાતના ૨૮ જેટલા ખ્યાતનામ કલાકારોને 'સંસ્કાર સન્માન - ૨૦૨૪' અને 'સંસ્કાર વિભૂષણ' માનપત્ર અર્પણ કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, જે માઈક્રોફોન દ્વારા મારો અવાજ આપના સુધી પહોંચે છે એ માઈક્રોફોનમાં વપરાયેલા લોખંડ અને પ્લાસ્ટિકની કિંમત તો ૨૦-૪૦ રૂપિયા જ હશે, પરંતુ એન્જિનિયરોએ લોખંડ-પ્લાસ્ટિકના ટુકડામાં સંસ્કાર સિંચન કરીને તેને માઈક્રોફોન બનાવ્યું એટલે તેની કિંમત હજારો રૂપિયા થઈ ગઈ. સંસ્કાર માણસને મનુષ્ય બનાવે છે, મૂલ્યવાન બનાવે છે, જીવન જીવતાં શીખવે છે. જે વ્યક્તિ સાહિત્ય, સંગીત અથવા કળા વિનાની છે તે વ્યક્તિ પૂંછડા અને શીંગડા વિનાના પશુ સમાન છે; આ સુભાષિતને ટાંકીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, કલા મનુષ્યને જીવન જીવતાં શીખવે છે. આ સૃષ્ટિમાં જડ-ચેતન તમામ પદાર્થો અન્યના ઉપયોગ અને પૂર્તિ માટે છે. મનુષ્ય જીવન પણ પરમાર્થ માટે હોવું જોઈએ. ધર્મ, અર્થ અને કામ કરતાં કરતાં મોક્ષ પ્રાપ્તિ એ જીવનનો પરમ ઉદ્દેશ્ય છે. કલા-સાહિત્ય આ દિશામાં પ્રેરણા આપવાનું કામ કરે છે. તેમણે ભારતીય જીવન મૂલ્યો અને ભારતીય સંસ્કાર પરંપરાને જાળવી રાખવાની જવાબદારી નિભાવતી સંસ્કાર ભારતીને અભિનંદન આપ્યા હતા. આ પ્રસંગે ભારત સરકારની સંગીત નાટક અકાદમીના ઉપાધ્યક્ષ પદ્મશ્રી જોરાવરસિંહ જાદવે સંસ્કાર ભારતી સંસ્થાના કાર્યોનો ચિતાર આપ્યો હતો અને આજના આયોજન બદલ અભિનંદન આપતાં કહ્યું કે, પશ્ચિમી સંસ્કૃતિના આક્રમણ અને ઈલેક્ટ્રોનિક મનોરંજક માધ્યમોના પ્રભાવ વચ્ચે સંસ્કાર ભારતી ધરતીની ધૂળમાં રમતા કલાકારોની કલાને પોંખીને, તેમના મૂંગા મંતર થઈ ગયેલા વાજિંત્રોને ધબકતાં રાખવાનું કામ કરી રહી છે જે પ્રશંસનીય છે. તેમણે કહ્યું કે અનાજ કે ચીજ વસ્તુઓનો દુષ્કાળ પડશે તો વિદેશથી આયાત પણ કરી શકાશે. પરંતુ કલા, સંસ્કાર અને સંસ્કૃતિનો દુષ્કાળ પડશે તો ક્યાંયથી આયાત નહીં થઈ શકે. કલા, સંસ્કાર અને સંસ્કૃતિને તો આપણી ધરતીમાં જ ઉગાડવા પડશે, તેનું જતન અને સંવર્ધન કરવું પડશે. કલા દિવસે તો કલાકાર જીવશે, અને કલાકાર જીવશે તો રાષ્ટ્ર જીવશે. આ પ્રસંગે સંસ્કાર ભારતીના ગુજરાત પ્રાંત પ્રમુખ શ્રી અભેસિંહ રાઠોડે ઉપસ્થિત સૌ લોકોનું અભિવાદન કરી આવકાર્યા હતા. તેમણે આનંદપૂર્વક જણાવ્યું હતું કે, સંસ્કારોત્સવ કાર્યક્રમમાં પ્રાકૃતિક ખેતીના પ્રણેતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિ એ આપણા સૌ માટે ગૌરવપૂર્ણ બાબત છે. આ પ્રસંગે સંસ્કાર ભારતી, ગુજરાત પ્રાંતના ઉપપ્રમુખ શ્રી રમણીકભાઈ ઝાપડિયા, જનરલ સેક્રેટરી શ્રી જયદીપસિંહ રાજપૂત, શ્રી ઓજસ હિરાણી તથા રાજ્યના વિવિધ ખ્યાતનામ લોકકલાકારો અને સંસ્કાર ભારતી સંસ્થા સાથે જોડાયેલા લોકો ઉપસ્થિત રહ્યા હતા.

DoT 'ટેલિકમ્યુનિકેશન્સ (ડિજિટલ ભારત નિધિનું વહીવટ) નિયમો, ૨૦૨૪'ને સૂચિત કરે છે

નવા નિયમો ડિજિટલ કનેક્ટિવિટીને આગળ વધારવાની અને સમાજના તમામ વર્ગોમાં ટેલિકમ્યુનિકેશન સેવાઓની સમાન સુલભતા સુનિશ્ચિત કરવા માટે સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે

भारत दूरसंचार

INDIA TELECOM

કમલમ્ ન્યુઝ,

ટેલિકોમ્યુનિકેશન્સ એક્ટ, ૨૦૨૩ (૨૦૨૩ના ૪૪), 'ટેલિકમ્યુનિકેશન્સ (એડમિનિસ્ટ્રેશન ઓફ ડિજિટલ ભારત નિધિ) રૂલ્સ, ૨૦૨૪' હેઠળ નિયમોનો પ્રથમ સેટ ભારત સરકારના સંદેશાવ્યવહાર મંત્રાલય, ટેલિકોમ્યુનિકેશન વિભાગ નંબર જી.એસ.આર. 530 (R)માં ભારત સરકારના જાહેરનામા દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો, જે ૨૦ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ ગેઝેટ ઓફ ઈન્ડિયામાં પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ માટેના ડ્રાફ્ટ નિયમો ૩૦ દિવસના જાહેર પરામર્શ માટે ૪ જુલાઈ, ૨૦૨૪ના રોજ પ્રકાશિત કરવામાં આવ્યા હતા. ઈન્ડિયન ટેલિગ્રાફ એક્ટ, ૧૮૮૫ હેઠળ રચાયેલ યુનિવર્સલ સર્વિસ ઓબ્લિગેશન ફંડને હવે ટેલિકમ્યુનિકેશન્સ એક્ટ, ૨૦૨૪ની કલમ ૨૪ (૧) દ્વારા ડિજિટલ ભારત નિધિ નામ આપવામાં આવ્યું છે, અને હવે તે નવા ક્ષેત્રોને સંબોધિત કરે છે, જેને બદલાતા તકનીકી સમયમાં ડિજિટલ ભારત નિધિના સમર્થનની જરૂર પડી શકે છે. કેન્દ્રીય સંચાર મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાએ X પરની એક ટિપ્પણીમાં આ નવા નિયમોને ટેલિકોમ સેવાઓની સમાન સુલભતા સુનિશ્ચિત કરવાની સરકારની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ ગણાવ્યું હતું અને તેના બદલામાં ૨૦૪૭માં વિકસિત ભારત બનવાના ભારતના મિશનને મજબૂત બનાવ્યું હતું. આ નિયમોમાં વહીવટકર્તાની શક્તિઓ અને કાર્યોની જોગવાઈ કરવામાં આવી છે, જે ડિજિટલ ભારત નિધિના અમલીકરણ અને વહીવટની દેખરેખ માટે જવાબદાર રહેશે. નિયમોમાં ડિજિટલ ભારત નિધિ હેઠળ યોજનાઓ અને પ્રોજેક્ટ્સ હાથ ધરવા માટેના માપદંડ અને અમલીકરણકારો માટે પસંદગી પ્રક્રિયાની પણ જોગવાઈ છે. આ નિયમોમાં નક્કી કરવામાં આવ્યું છે કે ડિજિટલ ભારત નિધિમાંથી ભંડોળની ફાળવણી અન્ડરસર્વ્ડ અને અંતરિયાળ વિસ્તારોમાં ટેલિકમ્યુનિકેશન સેવાઓમાં સુધારો લાવવાના ઉદ્દેશથી કરવામાં આવેલા પ્રોજેક્ટ્સ અને સમાજના વંચિત જૂથો જેવા કે મહિલાઓ, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને આર્થિક અને સામાજિક રીતે નબળા વર્ગો માટે કરવામાં આવશે. ડિજિટલ ભારત નિધિ હેઠળ ભંડોળ પૂરું પાડવામાં આવતી યોજનાઓ અને પ્રોજેક્ટ્સને નિયમોમાં નિર્ધારિત એક અથવા વધુ માપદંડને પૂર્ણ કરવાની જરૂર છે. આમાં મોબાઈલ અને બ્રોડબેન્ડ સેવાઓ અને ટેલિકમ્યુનિકેશન સેવાઓ અને ટેલિકમ્યુનિકેશન સેવાઓની ડિલિવરી માટે જરૂરી ટેલિકમ્યુનિકેશન ઉપકરણો સહિત ટેલિકમ્યુનિકેશન સેવાઓની જોગવાઈ માટેના પ્રોજેક્ટ્સ અને ટેલિકોમ સુરક્ષામાં વધારો કરવાનો સમાવેશ થાય છે; ટેલિકોમ સેવાઓની સુલભતા અને પરવડે તેવી ક્ષમતામાં સુધારો કરવો તથા વંચિત ગ્રામીણ, અંતરિયાળ અને શહેરી વિસ્તારોમાં આગામી પેઢીની ટેલિકમ્યુનિકેશન ટેકનોલોજીની રજૂઆત કરવાના પ્રોજેક્ટ્સ સામેલ છે. ડિજિટલ ભારત નિધિ હેઠળ યોજનાઓ અને પ્રોજેક્ટ હાથ ધરવા માટેના માપદંડોમાં નવીનતા, સંશોધન અને વિકાસને પ્રોત્સાહન, સ્વદેશી ટેકનોલોજીના વિકાસને પ્રોત્સાહન અને વ્યાપારીકરણ અને જરૂર જણાય ત્યાં નિયમનકારી સેન્ડબોક્સનું સર્જન કરવા સહિત સંબંધિત બૌદ્ધિક સંપદાને પ્રોત્સાહન આપવું, રાષ્ટ્રીય જરૂરિયાતો પૂર્ણ કરવા માટે પ્રસ્તુત માપદંડો વિકસાવવા અને સ્થાપિત કરવા, ટેલિકોમ્યુનિકેશન્સ સેક્ટરમાં સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપવું; ક્ષમતા નિર્માણ અને વિકાસ માટે શૈક્ષણિક સંસ્થાઓ, સંશોધન સંસ્થાઓ, સ્ટાર્ટ-અપ્સ અને ઉદ્યોગ વચ્ચે સેતુનું નિર્માણ કરવું; અને દૂરસંચાર ક્ષેત્રમાં સ્થાયી અને હરિત ટેકનોલોજીને પ્રોત્સાહન આપવું સામેલ છે. આ પ્રોજેક્ટ્સનો ઉદ્દેશ આત્મનિર્ભર ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવાનો છે. એવી પણ જોગવાઈ કરવામાં આવી છે કે કોઈ પણ અમલકર્તા, જે ટેલિકમ્યુનિકેશન નેટવર્કની સ્થાપના, સંચાલન, જાળવણી અથવા વિસ્તરણ માટે ડિજિટલ ભારત નિધિ પાસેથી ભંડોળ મેળવે છે, તે આ પ્રકારની ટેલિકમ્યુનિકેશન નેટવર્ક/સેવાઓને ખુલ્લા અને બિન-ભેદભાવપૂર્ણ ધોરણે શેર કરશે અને ઉપલબ્ધ કરાવશે.

સ્તન કેન્સરની સારવાર માટે એન્ટિડિપ્રેસન્ટ દવાનું પુન:પ્રયોજન કરી શકાય

કમલમ્ ન્યુઝ,

સ્તન કેન્સરની સારવાર માટે ખર્ચઅસરકારક ઉપાય પ્રદાન કરવા માટે એન્ટિડિપ્રેસન્ટ દવાના પુન:પ્રયોજનની સંભાવના છે. ખર્ચાળ કિંમત, લાંબો ડેવલપમેન્ટનો સમય, અને દવાના પરીક્ષણો અને નિયમનકારી મંજૂરીઓની જરૂરિયાતને કારણે, નવી અને અસરકારક કેન્સર વિરોધી દવાઓનું સર્જન કરવું જટિલ રહ્યું છે. જો કે, બાયોમેડિકલ વૈજ્ઞાનિકો આજે દવાની શોધ માટે વારંવાર દવાઓના પુન:પ્રયોજનનો ઉપયોગ કરે છે. ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ (ડીએસટી) હેઠળની સ્વાયત્ત સંસ્થા ગુવાહાટીમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ સ્ટડી ઈન સાયન્સ એન્ડ ટેકનોલોજી (આઈએએસએસટી)ના સંશોધકોની તેમની ટીમ ડૉ. અસીસ બાલા અને તેમની સંશોધકોની ટીમ કેન્સર મેનેજમેન્ટ માટે સુધારેલી રોગનિવારક વ્યૂહરચનાઓ વિકસાવવા માટે દવાના આ ક્ષેત્રમાં કામ કરી રહી છે. આ સંશોધન જૂથે દર્શાવ્યું છે કે મોનોએમાઈન ઓક્સિડેઝ (એમએઓ) અવરોધકો તરીકે ઓળખાતી દવાઓના વર્ગમાંથી એક એન્ટિડિપ્રેસન્ટ દવા સેલેજિલિન (એલ-ડિપ્રેનિલ) સ્તન કેન્સર માટે કેન્સર વિરોધી ઉપચાર તરીકે લાગુ પડી શકે છે. સેલેજિલિને વિવિધ કેન્સરના જનીનો અને રોગો સાથે સંકલિત નેટવર્કિંગ દર્શાવ્યું હતું. તે સ્તન કેન્સરના કોષોમાં પીકેસી ફોસ્ફોરાયલેશન અને આરઓએસ-સ્વતંત્ર એપોપ્ટોસિસની અવરોધાત્મક અસર પણ દર્શાવે છે. સંકલિત નેટવર્ક ફાર્માકોલોજિકલ અભ્યાસોમાં જાણવા મળ્યું છે કે સેલેજિલિન વિવિધ પ્રકારના કેન્સર સાથે જટિલ રીતે સંકળાયેલા દસ જનીનો સાથે ક્રિયાપ્રતિક્રિયા કરે છે, જેમાં નોંધપાત્ર સંખ્યામાં ગાંઠો છે. આ અધ્યયનમાં છ કેન્સર સેલ લાઈન પર સેલેજિલિનની અસરકારકતાનું પ્રારંભિક તુલનાત્મક મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. સેલેજિલિન એસ્ટ્રોજન અને પ્રોજેસ્ટેરોન-પોઝિટિવ (ઈઆર અને પીઆર) તેમજ ટ્રિપલ-નેગેટિવ સ્તન કેન્સર (ટીએનબીસી)ને નષ્ટ કરવામાં અસરકારક હોવાનું જણાયું હતું. તે સ્તન કેન્સરના કોષો (ઈઆર અને પીઆર) માં એક મિકેનિઝમ દ્વારા કોશિકાઓના મૃત્યુને પ્રેરિત કરી શકે છે જે પ્રતિક્રિયાશીલ ઓક્સિજન પ્રજાતિઓ (આરઓએસ) પર આધારિત નથી. વધુમાં, તે સ્તન કેન્સરના કોષોમાં પ્રોટીન કિનેઝ સી ફોસ્ફોરાયલેશન નામની પ્રક્રિયાને અવરોધે છે, જે સૂચવે છે કે આ પ્રક્રિયા સેલેજિલિનને કારણે થતા કોશિકાના મૃત્યુમાં સામેલ હોઈ શકે છે. "મેડિકલ ઓન્કોલોજી" જર્નલમાં પ્રકાશિત આ તાજેતરનો અભ્યાસ જૈવ ચિકિત્સા વૈજ્ઞાનિકોને આ ક્ષેત્રની વધુ શોધ કરવામાં મદદ કરી શકે છે. આ સંશોધન આ પ્રકારનું પ્રથમ છે અને કેન્સર સંશોધનના ક્ષેત્રમાં ખૂબ મહત્વ ધરાવે છે. તે ઈન વિવો અસરકારકતા અભ્યાસ, ડોઝ ઓપ્ટિમાઈઝેશન, વિરોધાભાસ અને નજીકના ભવિષ્યમાં સંબંધિત પ્રતિકૂળ આડઅસરોના સંદર્ભમાં વધુ તપાસને પાત્ર છે.

તંત્રી સ્થાનેથી.....

કચ્છ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ભારે વરસાદથી અસરગ્રસ્ત લોકોને કુલ રૂ. ૬૪,૭૮૨૦૨૬મની કેશડોલ્સ ચૂકવી દેવામાં આવી છે. આ ઉપરાંત ગ્રામ્ય અને શહેરોમાં ૬૭૦ અસરગ્રસ્ત પરિવારોને રૂ. ૨૧.૧૭ લાખની ઘરવખરી સહાય ચૂકવવામાં આવી છે. અસરગ્રસ્તોની સાથેસંપૂર્ણ સંવેદનાથીડીમો રહેલીસરકારે અસરગ્રસ્ત પરિવારોને કેશડોલ્સ અને ઘરવખરી સહાય ચૂકવણી કરવાની પ્રક્રિયા યુદ્ધનાધોરણે હાથધરવામાંઆવીછે. જિલ્લા વહીવટી તંત્રદ્વારા અત્યાર સુધીમાં ૧૬૯૩વ્યક્તિઓને કુલરૂ. ૬,૪૭,૬૨૦લાખની માનવાપાત્ર આર્થિક સહાય રૂપ કેશડોલ્સ ચૂકવી દેવામાં આવી છે. આ જ રીતે ઘરવખરીમાં ૬૭૦ કુટુંબોને રૂ. ૨૧,૧૭,૫૦૦ની ચુકવણી, ૧૨૭૨ પશુ મૃત્યુના કેસમાં અત્યારસુધી ૪૨૩ પશુઓ માટે રૂ. ૧૭,૭૨,૫૦૦ની સહાય ચુકવી દેવાઈ છે જ્યારે ૧૦૯૮ પશુઓની સહાય ચુકવવાની કામગીરીચાલીરહી છે. જ્યારે આંશિક પક્કા મકાન, આંશિક કાચા મકાન, ઝૂંપડા સહાય, માનવ મૃત્યુ તથા માનવ ઈજામાં સહાય આપવાની કામગીરી ચાલુમાં છે. સંપૂર્ણ કાચા મકાન સહાયમાં ચુકવવા પાત્ર રૂ. ૧,૨૦,૦૦૦ની સહાય ચુકવાઈ છે. તમામ લાભાર્થીઓને DBT મારફતે સીધી બેંક ખાતામાં સહાયની ચુકવણી કરવામાંઆવેલી છે.

કમલમ્ ન્યુઝ,
ઉના અને ગીર ગઢડા તાલુકા ખરીદ વેચાણ સંઘની ચૂંટણી યોજાયેલ હતી. જેમાં કુલ ૧૫ ડિરેક્ટરોની ચૂંટણીમાં આઠ ભાજપ પ્રેરિત પેનલ ચૂંટાઇ આવી હતી. જે માંડાયરેકટરોશ્રી નરશીભાઈ ડાંભરીયા, કાળુભાઈ શિયાળ, બાબુભાઈ સોલંકી, શાંતિભાઈ જાગાણી, મહંદભાઈ કચરા, મેણસીભાઈ વાળા, પ્રકાશભાઇ ટાંક, સુરેશભાઈ હોડિયા ની હાજરી માં પ્રમુખ તરીકેની ચૂંટણી યોજાય હતી. જેમાં પ્રમુખ તરીકે શ્રી નરસિંહભાઈ ડાંભરીયા બિનહરીફ તરીકે ચૂંટાઈ આવતા ઉના નગરપાલિકા ભવન ખાતે ઉનાના કાર્યશીલ ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડ ની વિશેષ ઉપસ્થિતિમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફુલહાર પહેરાવી ને ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.આ તકે તાલુકા પંચાયત જીલ્લા પંચાયત નાં સદસ્યશ્રી ઓ તેમજ સંગઠનના હોદેદારો ઉપસ્થિતરહ્યા હતા.

કેબિનેટેઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (આઇએસએમ) હેઠળ વધુ એક સેમીકન્ડક્ટર યુનિટને મંજૂરી આપી

ભારતની સેમીકન્ડક્ટર ઇકોસિસ્ટમના વિકાસમાં સતત ગતિ

કમલમ્ ન્યુઝ,
સેમીકન્ડક્ટર ઇકોસિસ્ટમને જીવંત બનાવવાના ઉદ્દેશ સાથે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે ટેનેસ સેમિકોન પ્રાઇવેટ લિમિટેડ ડની ગુજરાતનાંસાણંદમાંસેમિકન્ડક્ટર યુનિટ સ્થાપિતકરવાની દરખાસ્તને મંજૂરી આપી હતી. ૩,૩૦૦ કરોડના રોકાણ સાથે સૂચિત એકમની સ્થાપનાકરવામાં આવશે. આ યુનિટની ક્ષમતા દરરોજ ૬૦ લાખ ચિપ્સ હશે. આ યુનિટ માં ઉત્પાદિત ચિપ્સ વિવિધ પ્રકારની ઇલેક્ટ્રિકલ્સનોને પૂરી પાડશે જેમાં ઓદ્યોગિક, ઓટોમોટિવ, ઇલેક્ટ્રિક વાહનો, કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ, ટેલિકોમ, માંબાઇલ ફોન કાર્ડ જેવા સેગમેન્ટનો સમાવેશ થાય છે. ભારતમાં સેમિકન્ડક્ટર્સ અને ડિસ્પ્લે મન્યુફેક્ચરિંગ ઇકોસિસ્ટમના વિકાસ માટે ના કાર્યક્રમને ૨૧.૧૨.૨૦૨૧ના રોજ નોટિફાઇડ કરવામાં આવ્યો હતા, જેમાં કુલ રૂ. ૭૬,૦૦૦ કરોડનો ખર્ચ થશે. જૂન, ૨૦૨૩માં, કેન્દ્રીય કેબિનેટે ગુજરાતના સાણંદમાંસેમિકન્ડક્ટર યુનિટ સ્થાપવાની પ્રથમ દરખાસ્તને મંજૂરી આપી હતી. ફેબ્રુઆરી, ૨૦૨૪માં વધુત્રણ સેમીકન્ડક્ટર

એકમોને મંજૂરી આપવામાં આવી હતી. ટાટા ઇલેક્ટ્રોનિક્સ ગુજરાતના ધોલેરામાં સેમીકન્ડક્ટર ફેબ અને આસામના મોરીગાંવમાં એક સેમીકન્ડક્ટર યુનિટ સ્થાપી રહી છે. સીજી પાવર દ્વારા ગુજરાતના સાણંદમાં એક સેમીકન્ડક્ટર યુનિટની સ્થાપના કરવામાં આવી રહી છે તમામ ૪ સેમીકન્ડક્ટર એકમોનું નિર્માણ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે અનેએકમોની નજીક એક મજબૂત સેમીકન્ડક્ટર ઇકોસિસ્ટમ ઉભરી રહી છે.

આ ૪ એકમો લગભગ ૧.૫ લાખ કરોડ રૂપિયાનું રોકાણ લાવશે. આ એકમોની સંચિત ક્ષમતા દરરોજ લગભગ૩૦ કરોડચિપ્સ છે.

પ્રોજેક્ટ્સો કુલ ખર્ચ રૂ. ૧૮,૦૩૬ કરોડ છે અને વર્ષ ૨૦૨૮-૨૯ સુધીમાં પૂર્ણ થશે

આ પ્રોજેક્ટનાં નિર્માણ દરમિયાન આશરે ૧૦૨ લાખ માનવદિવસો માટે સીધી રોજગારીનું સર્જન પણ થશે

કમલમ્ ન્યુઝ,
પ્રધાનમંત્રી શ્રીનરેન્દ્ર મોદીનીઅધ્યક્ષતામાં આર્થિક બાબતો પરની કેબિનેટ સમિતિ (સીસીઈએ)એ રેલવે મંત્રાલય હેઠળ નવારેલવે લાઈન પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે, જેનો કુલ ખર્ચ રૂ. ૧૮,૦૩૬ કરોડ (અંદાજે) છે. ઈન્ટર અને મનમાડ વચ્ચે પ્રસ્તાવિત નવી લાઈન સીધી કનેક્ટિવિટીપ્રદાન કરશેઅને મોબિલિટીમાંસુધારો કરશે, જે ભારતીય રેલવેને વધારે કાર્યદક્ષતા અને સેવાની વિશ્વસનીયતા પ્રદાન કરશે. આ પરિયોજના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના ન્યૂ ઇન્ડિયાના વિઝનને અનુરૂપછે જે વિસ્તારના લોકોને "આત્મનિર્ભર" બનાવશેજે વિસ્તારના વ્યાપક વિકાસદ્વારા તેમની રોજગાર/સ્વ-રોજગારની તકોમાંવધારો કરશે. આ પ્રોજેક્ટ મલ્ટિ-મોડલ કનેક્ટિવિટીમાટે પીએમગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાનનું પરિણામ છે, જે સંકલિતઆયોજન મારફતેશક્ય બન્યું છે અને લોહી, ચીજવસ્તુઓ અને સેવાઓની અવરજવર માટે સતત કનેક્ટિવિટી પ્રદાન કરશે. આ પરિયોજના અંતર્ગત ૨ રાજ્યોના ૯ જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા છે. એટલે કે મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશ ભારતીય રેલવેનાં વર્તમાન નેટવર્કમાં આશરે ૩૦૯ કિલોમીટરનો વધારો થશે. આ પ્રોજેક્ટ સાથે ૩૦ નવા સ્ટેશનોનું નિર્માણ કરવામાં આવશે, જે મહત્વાકાંક્ષી જિલ્લાબરવાનીને કનેક્ટિવિટીમાંવધારો કરશે. નવીલાઈન પ્રોજેક્ટ અંદાજે ૧,૦૦૦ ગામડાંઓને આશરે ૩૦ લાખની વસતિને કનેક્ટિવિટી પ્રદાન કરશે. આ પરિયોજના મધ્ય ભારત સાથે દેશના પશ્ચિમ/દક્ષિણ-પશ્ચિમ ભાગવચ્ચે ટૂંકો માર્ગ પ્રદાન કરીને પ્રદેશમાં પર્યટનને પ્રોત્સાહન આપશે. એનાથીશ્રી મહાકાલેશ્વરજ્યોતિર્લિંગમંદિર સહિત ઉજ્જૈન-ઈન્દોર ક્ષેત્રનાં વિવિધ પ્રવાસન/ધાર્મિક સ્થળોમાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થશે. આ પરિયોજના પીથમપુર ઓટો ક્લસ્ટર (જ્યાં ૯૦મોટા એકમોઅને ૩૦૦નાના અનેમધ્યમ ઉદ્યોગો છે)ને જેએનપીએના ગેટવે પોર્ટ અને અન્ય રાજ્ય બંદરોથી સીધી કનેક્ટિવિટી પ્રદાન કરવામાં આવશે. આ પરિયોજના મુખ્ય પ્રદેશના બાજરીનું ઉત્પાદન કરતા જિલ્લાઓઅને મહારાષ્ટ્રમાંડુંળીનું ઉત્પાદન કરતા જિલ્લાઓને સીધી કનેક્ટિવિટીપણ પ્રદાન કરશે, જે દેશના ઉત્તર અને દક્ષિણના ભાગોમાં તેના વિતરણની સુવિધા પ્રદાન કરશે. કૃષિ ઉત્પાદનો, ખાતર, કન્ટેનર, લોખંડની કાચી ધાતુ, સ્ટીલ,સિમેન્ટ, પીએમ્નેલ વગેરે જેવીચીજવસ્તુઓના પરિવહન માટે આ એક આવશ્યક માર્ગ છે. ક્ષમતા વધારવાની કામગીરીને પરિણામે આશરે ૨૬ એમટીપીએ (મિલિયન ટન પ્રતિવર્ષ) ની તીવ્રતાની વધારાની નૂર હેરફેર થશે. રેલવે પર્યાવરણને અનુકૂળ અને પરિવહનનું ઊર્જા દક્ષ માધ્યમ છે, જે આબોહવાનાં લક્ષ્યોને હાંસલ કરવામાંઅને દેશનાં લોજિસ્ટિક્સ ખર્ચને લઘુતમકરવામાં, ઓઈલની આયાત (૧૮ કરોડ લિટર) ઘટાડવામાં અને કાર્બન ડાયોકસાઈડનું ઉત્સર્જન ઓછું કરવા (૧૩૮ કરોડ કિ.ગ્રા.) એમ બંનેમાં મદદ કરશે, જે ૫.૫ કરોડવૃક્ષોના વાવેતરને સમકક્ષ છે.

સુરેન્દ્રનગરજિલ્લામાંવરસાદથીક્ષતિગ્રસ્ત નાના-મોટા રસ્તાઓનારિપેરીંગ, રી-સરફેસીંગ,મેટલવર્કની યુદ્ધનાધોરણેચાલતી મરામત કામગીરી

જિલ્લાના માર્ગ-મકાન (પંચાયત) હસ્તકના ૬૮ રસ્તાઓમાંથી ૫૪ રસ્તાઓ, સ્ટેટ હસ્તકના ૨૩ રસ્તાઓ પૈકી ૨૦ રસ્તાઓની કામગીરી ઝડપભેર પૂર્ણ કરી વાહન વ્યવહાર પૂર્વવત કરાયો

કમલમ્ ન્યુઝ,સુરેન્દ્રનગર
સુરેન્દ્રનગર જિલ્લામાંપડેલા ભારે વરસાદને પગલે જિલ્લાના તાલુકા, શહેર અને ગામોને જોડતા માર્ગ-મકાન (પંચાયત) અને માર્ગ-મકાન (સ્ટેટ) હસ્તકના વિવિધ માર્ગોપર પાણીભરાવાના કારણે રસ્તાઓને નુકશાન થયું હતું. ખરાબ રસ્તાઓના કારણે નાગરિકોને મુશ્કેલી નાપડે તે માટે વરસાદે વિરામ લેતાની સાથે જ જિલ્લા કલેક્ટર શ્રી કે. સી. સંપટના માર્ગદર્શન હેઠળ નાના-મોટા ક્ષતિગ્રસ્તરસ્તાઓની મરામત જેમાં રિપેરીંગ, રી-સરફેસીંગ, મેટલવર્ક કરવા સહિતની કામગીરી પૂરજોશમાંકરવામાં આવીરહી છે. જિલ્લામાં ભારેવરસાદ દરમિયાન પંચાયત હસ્તકના ૬૮ જેટલા રસ્તાઓબંધ કરવામાંઆવ્યા હતા, જે પૈકી ૫૪ જેટલારસ્તાઓજરૂરી મરામતકામગીરી ત્વરિતહાથ ધરી પૂર્વવત કરાયા છે. ૧૪ જેટલા રસ્તાઓ પણ વહેલીતકે કાર્યાન્વિત થાય તેવાપ્રયાસો તંત્રદ્વારા કરવામાં આવી રહ્યા છે. તેવી જ રીતે ભારે વરસાદનાકારણે માર્ગઅને મકાન સ્ટેટ હસ્તકનુ રૂ.૩૯૮૦લા રસ્તાઓ બંધ હતા જે પૈકી ૨૦ રસ્તાઓના રીપેરીંગ, ખાડા પુરાણ, મેટલ પેચવર્ક, સહિતની કામગીરી પૂર્ણ કરીને આ રસ્તાઓને વાહન વ્યવહાર માટે ખુલ્લા કરવામાં આવ્યા છે.

હવે માત્ર લખતર તાવી શિયાણી રોડ, ગવાણા પાનવા રોડ અને વઢવાણ વાઘેલા વસ્તડી ચુડા રોડ પાણીની સપાટી વધુ હોવાના કારણે બંધછે. પાણીનુંલેવલ ઘટતા તાત્કાલિક મરામત કામગીરી હાથ ધરીરસ્તો ખુલ્લોકરવામાં આવશે. આમ, જિલ્લામાં બાકી રહે લા રસ્તાઓ ઉપરથી જેમ-જેમ પાણી ઓસરી રહ્યું છે. તેમ-તેમ માર્ગ-મકાનની ટીમ અને મશીનરી દ્વારા ખરાબ થયેલરસ્તાઓનું સમારકામ પેચવર્કની કામગીરીદ્વારા ધોરણે કરવામાં આવીરહી છે.

અમરોલી સેલ્ફ ફાઈનાન્સ કોલેજનું રકતદાનની શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માન કરાયું

કમલમ્ ન્યુઝ,
જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજ મેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ(અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી મધ્યમ), સ્ટુડેન્ટ બેંક કોલેજ ઓફકમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી, સુરતનાં તારીખ ૧-૯-૨૦૨૪ને રવિવારના રોજ સુરત રકતદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરની ૪૮ મી વાર્ષિક સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન શૈક્ષણિક સંસ્થાઓમાં સૌથીવધુ રકત એકમો પ્રાપ્ત કરવા બદલ પ્રથમવિજેતા તરીકે રોટરેક્ટિંગ ટ્રોફી અને પ્રતિકૃતિ માનનીય સંસદ સભ્ય શ્રી મુકેશ દલાલ નાહસ્તે જીવન જ્યોત ટ્રસ્ટ મંત્રી શ્રીઅશ્વિનભાઈ પટેલ કોલેજનાઆચાર્યશ્રી ડો. મુકેશ ગોયાણીએ સ્વીકારી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોલેજના કો-ઓર્ડીનેટર શ્રી ડૉ. નિલેશ પટેલ, કો-ઓર્ડીનેટર શ્રી ડો. વિરલ પોલીસવાળા તેમજ એન.એસ.એસપ્રોગ્રામ ઓફિસર પ્રા.જ્યોતિકા ટેલર તેમજએનએસએસ ના વિદ્યાર્થીઓ હાજર રહ્યાહતા. કોલેજનાઆચાર્યશ્રી ડો. મુકેશ ગોયાણીએ ટ્રોફીભદલ સુરત રકતદાન કેન્દ્રઅને રિસર્ચસેન્ટરના આયોજકો અને રૌરકતદાતાઓનો આભાર માન્યો હતો.

નાગરિકોના આરોગ્યને અગ્રતા આપતી અમદાવાદ મહાનગરપાલિકા

AMC દ્વારા મણિનગર શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મેડિકલ કેમ્પનું આયોજન

કમલમ્ ન્યુઝ,
અમદાવાદ શહેરમાંવરસાદ બાદ મચ્છરજન્ય રોગચાળોન ફેલાય તેમજ નાગરિકો રોજિંદા જીવનમાં સ્વાસ્થ્યની દરકાર લઈ સાવચેત બને તે માટે અમદાવાદ મહાનગરપાલિકા વિવિધ આયોજનો કરી રહી છે. ખાસ કરીને મચ્છરજન્ય અને પાણીજન્ય રોગોને રોકવા માટે મહાનગરપાલિકા સફાઈ, દવાનો છંટકાવતેમજ મેડીકલ કેમ્પ સહિતના વિવિધ પગલાં ભરી રહી છે. જે શુંખલામાં અમદાવાદના મણિનગર વિસ્તારમાંમેડીકલ કેમ્પનું આયોજન કરવામાંઆવ્યું હતું, જ્યાંઆરોગ્ય કર્મીઓએ નાગરિકોના સ્વાસ્થ્યની પ્રાથમિક તપાસ કરી તેમને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આવિસ્તારના ધારાસભ્ય શ્રી અમૂલભાઈ ભટ્ટ પણ આકેમ્પની મુલાકાત લઈને સ્થાનિકો સાથે વાતાલાપ કર્યોહતો અને કામગીરી અંગેમાર્ગદર્શન પુરું પાડ્યુંહતું. નાયબ આરોગ્ય અધિકારી ડો. તેજસ શાહ અને મદદનીશઆરોગ્ય અધિકારી ડૉ. સ્વાતિબેન આચાર્ય તથા તેમની સમગ્ર ટીમે મેડીકલ કેમ્પના સફળ આયોજન માટે જહેમત ઉઠાવી છે.

કચ્છમાં ભારે વરસાદથી ક્ષતિગ્રસ્ત રોડ-રસ્તાઓના રિપેરીંગની યુદ્ધના ધોરણે ચાલતી કામગીરી

નાગરિકોને કોઈપણ પ્રકારની અગવડતા ન પડે તે માટે કચ્છમાં માર્ગ-મકાન વિભાગ રાજ્ય તથા પંચાયત દ્વારા ખડેપગે રહીને સમારકામની અવિરત કામગીરી

માર્ગ અને મકાન રાજ્ય અને પંચાયતના કુલ ૪૪ રસ્તાને યુદ્ધના ધોરણે રિપેર કરાયા

કમલમ્ ન્યુઝ,ભુજ

કચ્છમાં ભારે વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રોડ- રસ્તાઓને તત્કાલ અસરથી પૂર્વવત કરવા માટે માર્ગ મકાન રાજ્ય તેમજ પંચાયત વિભાગ દ્વારા ખડેપગે રહીને કામગીરી કરવામાં આવી રહી છે. કચ્છમાં માર્ગઅને મકાન વિભાગ રાજ્યના કુલ ૨૫૨રસ્તાઓને ભારે વરસાદથી નુકસાન પહોંચ્યું હતું. જોકે, માર્ગ અને મકાન વિભાગ રાજ્ય દ્વારા ૧૭૨રસ્તાઓને યુદ્ધના ધોરણે રાત દિવસ કામગીરી કરીને શરૂ કરવામાંઆવ્યા છે.માર્ગ અને મકાન વિભાગના ૮ રસ્તાઓ વોટર ઓવરટોપિંગના લીધેબંધ છે પણ કોઈપણ ગામ સંપર્કવિહોણું રહે નહીં તે માટે વૈકલ્પિક રસ્તાઓ ખુલ્લા હોવાથી ગામડાઓ જિલ્લાના મુખ્ય માર્ગો સાથે કનેક્ટ છે. ભારે વરસાદની પરિસ્થિતિમાંમાર્ગ અને મકાન વિભાગ પંચાયત હસ્તકના

કચ્છના કુલ ૩૭ રસ્તાઓ વોટર ઓવરટોપિંગના કારણે બંધ છતા વૈકલ્પિક રસ્તાઓ ખુલ્લા હોવાથી ગામડાઓ મુખ્ય માર્ગ સાથે કનેક્ટ

કચ્છ માં આવેલા કુલ ૭૫ રસ્તાઓને નુકસાન પહોંચ્યું હતું અને તે બંધ થયા હતા. જોકે, અવિરત કામગીરી કરીને પંચાયત વિભાગે ૪૭રસ્તાઓ બંધછે જેને પૂર્વવત કરવા યુદ્ધના ધોરણે કામગીરી ચાલુ છે. મોટાભાગના રસ્તાઓ વોટર ઓવરટોપિંગના લીધે બંધ છે. પણ કોઈપણ ગામ સંપર્કવિહોણું રહે નહીં તે માટે વૈકલ્પિક રસ્તાઓ ખુલ્લા હોવાથી ગામડાઓ જિલ્લાના મુખ્ય માર્ગો સાથે કનેક્ટ છે. ભારે વરસાદની પરિસ્થિતિમાંમાર્ગ અને મકાન વિભાગ પંચાયત હસ્તકના લીધે બંધ છે. પાણી ઓસરી ગયા બાદ તેને પણ પૂર્વવત કરીને જાહેર જનતા માટે ખોલવામાં આવશે. માર્ગઅને મકાન વિભાગ રાજ્યઅને પંચાયતદ્વારા ૧૭-૧૦ ટીમ બનાવીને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓ, મદદનીશ ઈજનેરશ્રીઓને ફરજ સોંપવામાં આવી છે. આમ ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓ અને નાળા પુલીયાઓને જેસીબી મશીન, ડમ્પર, ટ્રેક્ટર, હિટાચી, લોડર જેવા સાધનોથી મેટલ કામગીરી કરીને પૂર્વવત કરવામાં આવીરહ્યા છે.

રાજ્યના ઈન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ તબીબો માટે સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

સરકારી અને GMERS મેડિકલ કોલેજમાં સેવારત ઇન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ તબીબોના સ્ટાઇપેન્ડમાં વધારો કરાયો

કમલમ્ ન્યુઝ,
મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા ઈન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ તબીબોના હિતમાંમહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યા છે. તાજેતરમાં C.H.C, સબડિસ્ટ્રીક્ટ, ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલના કરાર આધારિત તજજ્ઞ તબીબોના ફાયદ વધારનામહત્વપૂર્ણ નિર્ણય બાદ ઈન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ તબીબોના સ્ટાઇપેન્ડમાંવધારોકરવાનો રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કર્યો છે. રાજ્યની ૬ સરકારી અને 13 GMERS (ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડરિસર્ચ સોસાયટી) સંચાલિત મેડિકલ કોલેજના સ્નાતક અભ્યાસક્રમના ઈન્ટર્ન્સ અને અનુસ્નાતક તેમજ સુપર સ્પેશ્યાલિટી અભ્યાસક્રમના રેસિડેન્ટ્સ તબીબોને મળતા સ્ટાઇપેન્ડના દરમાં વધારોકરવામાં આવ્યો છે. રાજ્યની સરકારી મેડિકલ કોલેજના મેડીકલ,ડેન્ટલ, ફિઝીયોથેરાપી, હોમિયોપેથી અને આયુર્વેદના સ્નાતકઅભ્યાસક્રમના ઈન્ટર્ન્સ, અનુસ્નાતક અને સુપર સ્પેશ્યાલીટી અભ્યાસક્રમના રેસીડેન્ટ તબીબોને આ સ્ટાઇપેન્ડના દરમાં થયેલ વધારાનો લાભ મળશે. આવાધારા મુજબ સરકારી મેડિકલ કોલેજના મેડિકલ ઈન્ટર્ન્સમાં રૂ. ૨૧,૮૪૦, ડેન્ટલમાં રૂ. ૨૦,૧૬૦, ફિઝીયોથેરાપીમાં રૂ.૧૩,૪૪૦ તેમજ આયુર્વેદ અને હોમિયોપેથીમાં રૂ. ૧૫,૧૨૦ સ્ટાઇપેન્ડ મળશે. ડિગ્રીના મેડિકલ રેસીડેન્ટ્સને પ્રથમ વર્ષમાં રૂ. ૧,૦૦,૮૦૦, બીજા વર્ષમાં રૂ.૧,૦૫,૦૦૦, ચોથા વર્ષ (સિનિયર રેસીડેન્ટ) અને ક્વોલીફાઇડ આસિસ્ટન્ટને રૂ.૧,૧૦,૮૮૦નો લાભ મળશે. સુપર સ્પેશ્યાલિસ્ટ સેવાઓના મેડિકલ રેસીડેન્ટ્સને પ્રથમવર્ષમાં રૂ.૧,૨૦,૯૬૦, બીજા વર્ષમાં રૂ.૧,૨૬,૦૦૦ અને ત્રીજા વર્ષમાં રૂ.૧,૩૪,૪૦૦ તેમજ ડેન્ટલ રેસીડેન્ટ (ડિગ્રી)માં પ્રથમ વર્ષમાં રૂ.૭૮,૯૬૦ બીજા વર્ષમાં રૂ.૮૧,૪૮૦, ત્રીજા વર્ષમાં રૂ.૮૩,૪૯૬, ફિઝીયોથેરાપી (ડિગ્રી)માં પ્રથમવર્ષમાં રૂ.૩૫,૨૮૦ અને બીજા વર્ષમાં રૂ. ૪૩,૬૮૦ ચૂકવવામાં આવ્યો.

- મેડિકલરેસીડન્ટ(ડિપ્લોમા)ને પ્રથમ વર્ષમાં રૂ.૩૫,૬૦૦ અને બીજા વર્ષમાં રૂ. ૮૨,૩૨૦ સ્ટાઇપેન્ડ ચૂકવાશે.
- આયુર્વેદિક સેવાઓમાં પી.જી. રેસીડેન્ટ્સને પ્રથમ વર્ષમાં રૂ.૫૦,૪૦૦, બીજા વર્ષમાં રૂ.૫૩,૭૬૦ અને ત્રીજા વર્ષમાં રૂ. ૫૭,૧૨૦ચૂકવવામાં આવશે.
- તદઉપરાંત GMERS સંચાલિત મેડિકલ કોલેજના સ્નાતક અભ્યાસક્રમના ઈન્ટર્ન્સને રૂ. ૨૧,૮૪૦, જુનીયર રેસીડેન્ટ્સને રૂ.૧,૦૦,૮૦૦ અને સિનિયર રેસીડેન્ટ્સ ને રૂ. ૧,૧૦,૮૮૦ ચૂકવવામાં આવશે.
- GMERS સંચાલિત મેડિકલ કોલેજના અનુ-સ્નાતક અભ્યાસક્રમ ના જૂનિયર અને સિનિયર રેસીડેન્ટ તબીબોને પ્રથમ વર્ષમાં રૂ.

૧,૦૦,૮૦૦, બીજા વર્ષમાં રૂ.૧,૦૨,૪૮૦, ત્રીજા વર્ષમાં રૂ. ૧,૦૫,૦૦૦ ચોથા વર્ષમાં (સિનિયર રેસીડ્ન્ટ અને ક્વોલીફાઇડ આસિસ્ટન્ટ)ને રૂ. ૧,૧૦,૮૮૦ સ્ટાઇપેન્ટ ચૂકવવામાં આવશે.

- રાજ્ય સરકાર દ્વારા આ સ્ટાઇપેન્ડ વધારાનો હુકમ તા. ૦૧/૦૪/૨૦૨૪ની અસરથી અમલમાં આવ્યો.

ખેડબ્રહ્મા ખાતે હિન્દુ ધર્મના આધાર સ્તંભ સમાન મંદિરો ન તોડવા બાબતે આવેદનપત્ર આપવામાં આવ્યું

કમલમ્ ન્યુઝ,
વિશ્વ હિન્દુ પરિષદ તરફથી ખેડબ્રહ્મા વિસ્તારમાં વર્ષોજૂના મંદિરો આવેલા છે જેમાં હજારો લોકો નિયમિત ભગવાનના દર્શનનો લાભ લઈ રહ્યાછે જેની સાથે અનેક ભક્તોની ધાર્મિક લાગણી અને આસ્થા જોડાયેલ છે. મંદિર ને હંમેશા આસ્થાના કેન્દ્ર સ્વરૂપે અને હકારાત્મક શક્તિના સ્રોત તરીકે માનવામાં આવી છે. હાઈકોર્ટના હુકમ મુજબ ખેડબ્રહ્મા માં આવેલ આસ્થાના પ્રતિક સ્વરૂપ મંદિરો તોડવાની કાર્યવાહી પ્રશાસન દ્વારા થવાની છે ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ એ મંદિરો ન તોડવા માટે અરજ કરી છે. જન સમાજની લાગણીને ધ્યાનમાં રાખીને મંદિરો ન તોડવા પુનઃ વિચાર કરશો જ્યાં મંદિર ફરજિયાત પણે તોડવું પડે તેમ હોય ત્યાં પહેલા વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડવા અને મંદિરનું મહત્વ જળવાઈ રહે એવું ઘટતું કરવા પ્રાંત કલેકટરને નમ્ર અરજ કરેલ છે એવું વિશ્વ હિન્દુ પરિષદ તરફથી ખેડબ્રહ્મા પ્રાંત કલેકટરને આવેદનપત્ર આપવામાંઆવ્યુ હતું.

તાપી જિલ્લામાં વરસાદની પરિસ્થિતિના પગલે પ્રભારી સચિવશ્રી મિલિન્દ તોરવણેના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ

પ્રભારી સચિવશ્રીએ વિવિધ વિભાગના અધિકારીશ્રીઓને તકેદારી રાખી સાવચેત રહેવા સૂચિત કર્યા

વર્તમાન સ્થિતિને ધ્યાને રાખી આગોતરા આયોજન સાથે તમામ વિભાગો સતર્ક રહે તે અંગે માર્ગદર્શન આપી જરૂરી સૂચનો કર્યા,

કમલમ્ ન્યુઝ,રાકેશ વાળા
તાપી જિલ્લામાં વરસાદની પરિસ્થિતિને ધ્યાને લઈ પ્રભારી સચિવશ્રીમિલિન્દ તોરવણેનાઅધ્યક્ષસ્થાને કલેકટર કચેરીના સભાખંડ ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રભારી સચિવશ્રીએ ગત દિવસોમાં પડેલ ભારે વરસાદ દરમિયાન કરેલ કામગીરીની સમીક્ષા કરી વર્તમાન સ્થિતિના આગોતરા આયોજન સાથે તમામ વિભાગો સતર્ક રહે તે અંગે માર્ગદર્શન આપી જરૂરી સૂચનો કર્યા હતા. પ્રભારી સચિવશ્રીએ તાપી જિલ્લાની વિવિધ કચેરીઓની,તાલુકા કક્ષાએ કરવામાં આવેલી તૈયારીઓની સમીક્ષા કરી હતી.આરોગ્ય વિભાગ અને ડીજીવીસીએલ વિભાગને તાકિદ કરી હતી કે, નાગરીકોને આરોગ્યક્ષી સુવિધાઓ અને વીજપુરવઠો ખોરવાય નહી તેની ખાસ તકેદારી રાખવી. જિલ્લા કલેક્ટરશ્રી ડો.વિપિન ગર્ગ અને નિવાસી અધિક કલેક્ટરશ્રી આર.આર.બોરડે તાપી જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતી સહિત વરસાદની સ્થિતિને પગલે તાપી જિલ્લામાં થયેલી કામગીરીથી પ્રભારી સચિવશ્રીને અવગત કર્યા હતા.વરસાદની સ્થિતિને પગલે ઝીરો કેઝ્યુઆલિટીના અભિગમ સાથે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તકેદારીઓ લેવામાં આવી રહી છે. ડોલવણ અને વાલોડ તાલુકાને પ્રભાવિત કરતી પુર્ણા અને વાલ્મિકી નદીઓના સંભવિત જોખમોની તૈયારીઓ સામે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લેવામાં અવેલા પગલાઓની વિગતો આપી જિલ્લામાં મૌસમના કુલ વરસાદની સ્થિતિઅંગે પ્રભારી સચિવશ્રીને જાણકારીઆપી હતી.આ બેઠકમાં પ્રભારી સચિવશ્રીએ વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ સાથે જિલ્લામાં થયેલા ભારે વરસાદના કારણે ઉભી થયેલી પરિસ્થિતિ, નદી અને ડેમની સ્થિતિ, વીજળી, પાણીપુરવઠા, પશુમૃત્યુ,અતિવૃષ્ટી, આરોગ્ય, જિલ્લાના તમામ રોડ રસ્તા અને વિવિધ નુકશાનીના ચુકવણાની કામગીરી અંગે સમીક્ષા કરીયોગ્ય અને જરૂરી માર્ગદર્શન આપી સાવચેત રહેવા સૂચન કર્યુ હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી વી.એન.શાહ, નાયબ વન સંરક્ષકશ્રીપુનિત નૈયર,નાયબ પોલિસ અધિક્ષકશ્રી,સહિત વિવિધ વિભગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

એર માર્શલ તેજીન્દર સિંહે વાયુસેનાના નાયબ વડા તરીકેનો કાર્યભાર સંભાળ્યો

કમલમ્ ન્યુઝ,
એર માર્શલ તેજિન્દર સિંહે આજે વાયુ સેનાના મુખ્યાલય (વાયુ ભવન) ખાતે ભારતીય વાયુસેનાના નાયબ ચીફ ઓફ એર સ્ટાફ (DCAS) તરીકેનો કાર્યભાર સંભાળ્યોહતો. તેમની નવી નિમણૂક ગ્રહણ કર્યા પછી, એર માર્શલે રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક, નવી દિલ્હી ખાતે પુષ્પાંજલિ અર્પણ કરીને સર્વોચ્ચ બલિદાન આપનારા બહાદુરોને શ્રદ્ધાંજલિ આપી હતી.નેશનલ ડિફેન્સ એકેડેમીના ભૂતપૂર્વ વિદ્યાર્થી, એર માર્શલ તેજિન્દરને ૧૩ જૂન ૧૯૮૭ના રોજ IAFના ફાઈટર સ્ટ્રીમમાં કમિશન આપવામાં આવ્યું હતું. તે ૪૫૦૦ કલાકથીવધુ ઉડાન સાથે કેટેગરી 'છ' ક્વોલિફાઈડ ફ્લાઈંગ ઈન્સ્ટ્રક્ટર છે, ડિફેન્સ સર્વિસ સ્ટાફ કોલેજ અને નેશનલ ડિફેન્સ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. તેમણે ફાઈટર સ્ક્વોડ્રન, રડાર સ્ટેશન, પ્રીમિયર ફાઈટર બેઝની કમાન સંભાળી છે અને તેઓ જમ્મુ અને કાશ્મીરમાં એર ઓફિસર કમાન્ડિંગ રહ્યાંછે. તેમની વૈવિધ્યસભર સ્ટાફ નિમણૂકોમાં એક કમાન્ડ હેડક્વાર્ટર ખાતે ઓપરેશનલ સ્ટાફ, એર હેડક્વાર્ટર ખાતે એર કોમોડોર (કાર્મિક ઓફિસર્સ-૧), મુખ્યાલય આઈડીએસમાં એકીકૃત રક્ષા સ્ટાફના ઉપ સહાયક પ્રમુખ, નાણાકીય (પ્લાનિંગ), એર કોમોડોર (એરોસ્પેસ સેફ્ટી), વાયુસેનાના મુખ્યાલયમાં સહાયક વાયુસેના સંચાલન (ઓફેન્સિવ) અને ACAS ઓપ્સ(સ્ટ્રેટેજી) સામેલ છે. પોતાની હાલની નિમણૂક પહેલા, તેઓ મેઘાલયના શિલોંગ ખાતે IAFના મુખ્ય મથક ઈસ્ટર્ન એર કમાન્ડના વરિષ્ઠ એર સ્ટાફ ઓફિસર હતા. તેમની પ્રશંસનીય સેવાઓના બદલામાં તેમને ભારતના માનનીય રાષ્ટ્રપતિ દ્વારા ૨૦૦૭માં વાયુ સેના મેડલ અને ૨૦૨૨માં અતિ વિશેષ સેવા મેડલ એનાયત કરવામાં આવ્યો હતો.

મોરબીમાં જિલ્લા મહદ્અંશે તમામ ગ્રામીણ માર્ગોનું સમારકામ કરી વાહન વ્યવહાર પૂર્વવત કરી દેવાયો

માર્ગ અને મકાન વિભાગ પંચાયત દ્વારા તાત્કાલિક ધોરણે પેચ વર્ક સહિતની કામગીરી હાથ ધરી જિલ્લાના આંતરિક માર્ગો શરૂ કરાયા

કમલમ્ ન્યુઝ,મોરબી,
મોરબી જિલ્લામાં ભારે વરસાદ બાદ માર્ગોનું સમારકામ કરી વાહન વ્યવહાર પૂર્વવત કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. નેશનલ અને સ્ટેટ હાઈવેની સાથે જિલ્લાના ગામડાઓને એકબીજા સાથે જોડતા આંતરિક માર્ગોનું પણ સમારકામ યુદ્ધના ધોરણે કરવામાં આવી રહ્યુ છે. જિલ્લામાં ગ્રામીણ માર્ગોનું મહદ્અંશે સમારકામ કરી દેવામાં આવ્યું છે. મોરબી જિલ્લામાં પડેલા અનુરાધાર વરસાદને પગલે અનેક સ્થળોએ માર્ગોનું ધોવાણ થયું હતું. જિલ્લાના ગ્રામીણ માર્ગોમાં પણ રોડ નું ધોવાણ ખાડા પડવા તેમજ કોઝવે ધોવાણ સહિતની ઘટનાઓ બની હતી. વરસાદી વિરામ લેતા જ જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ પંચાયત દ્વારા તાત્કાલિક ધોરણે આમાર્ગોનું સમારકામ હાથ ધરી દેવામાં આવ્યુ હતું. રાજ્યના તમામ માર્ગો શક્ય તેટલી ઝડપે પૂર્વવત બને તે માટે સરકાર કટિબદ્ધ છે. ત્યારે મોરબી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ માર્ગોનું સમારકામ કરી લોકોને કોઈ મુશ્કેલી ન પડે તે બાબતની ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. મોરબી જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ પંચાયત દ્વારા વરસાદે વિરામ લેતા જ જિલ્લાના માર્ગોનું સમારકામ શરૂ કરી દેવામાં આવ્યું છે. જે અન્વયે નુકસાન થયેલા મોરબીના ધુળકોટ-બાળગંગા-કોયલીરોડ, લગધીરપુર થી નેશનલ હાઈવે ને જોડતો રોડ, ટંકારા તાલુકાના સાવડીથી નેસડાને જોડતો રોડ, ગાળાથી શાપર, રવાપર(નદી)નો રોડ સહિત મહદ્અંશે તમામ માર્ગો પર મેટલ પાથરી, પેચ વર્ક કરી સહિતની કામગીરી તાત્કાલિક હાથ ધરી સમારકામ હાથ ધરી વાહન વ્યવહાર પૂર્વવત કરી દેવામાં આવ્યો છે.

મોરબી-કચ્છ નેશનલ હાઈવે પર માળીયાના ખીરઈ નજીક ડામર પાથરી રોડ રીપેર કરાઈ રહ્યો છે

વરસાદ બંધ થતા જ તાત્કાલિક ધોરણે પેચ વર્ક કરી રોડ શરૂ કરી દેવાયો હતો; હાલ ડામર પાથરવાની કામગીરી ચાલુ



કમલમ્ ન્યુઝ,મોરબી,
મોરબી જિલ્લામાં વરસાદમાં ધોવાયેલા માર્ગોનું સમારકામ કરી વાહન વ્યવહાર પૂર્વવત કરવા માટે જિલ્લા કલેક્ટરશ્રી કે.બી. ઝવેરીના માર્ગદર્શનહેઠળ વહીવટીતંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે. જે અન્વયે માળીયાના ખીરઈ પાસે મોરબી કચ્છ નેશનલ હાઈવે વરસાદી પાણીના પ્રવાહથી ધોવાયો હતો જે હાલમહદ્અંશે રીપેર કરાવી દેવાયો છે. મોરબી જિલ્લામાં ભારે વરસાદના પગલે રોડ રસ્તાઓને વ્યાપક નુકસાન થયું હતું, મચ્છુ નદીના પગલે મોરબી-કચ્છ નેશનલ હાઈવે પર બંધ કરીદેવામાં આવેલો વાહન વ્યવહાર વરસાદ બંધ થતાં તાત્કાલિક ધોરણે ચાલુ કરી દેવાયો હતો. વરસાદ બંધ થતાં જ મોરબી-કચ્છ નેશનલ હાઈવે રિપેર કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. રોડ ધોવાઈ જતા ત્યાં ઉખડી ગયેલા ડામરની હટાવી રોડ સમતળ કરી ડામર પાથરવાની કામગીરી કરવામાં આવી રહી છે, લગભગ સ્થળોએ સમારકામ કરી દેવામાંઆવ્યું છે.રાજ્ય સરકારની સૂચના અંતર્ગત સમગ્ર રાજ્યમાં યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાંઆવી હતી. ત્યાર મોરબી જિલ્લામાંપણ વહીવટીતંત્ર ત્વરિત પગલે કામગીરીમાં જોડાઈ ગયું હતું, જેના પગલે હાલ લગભગ કામગીરી પૂર્ણતાના આરે છે.

બટરફ્લાય ગાર્ડન: સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે રંગબેરંગી પતંગિયાઓથી સમૃદ્ધ સુંદર પ્રવાસન આકર્ષણ

બટરફ્લાય ગાર્ડન ધરાવે છે ૭૦ વિવિધ પ્રજાતિઓના પતંગિયાઓ

કમલમ્ ન્યુઝ,
એકતા નગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી અને તેનીઆસપાસના સ્થળોઆજે વિશ્વભરના પ્રવાસીઓમાટે આકર્ષણનું કેન્દ્ર છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સતત નવા પ્રવાસન આકર્ષણો વિકસિત કરવામાં આવી રહ્યા છે, જે પ્રવાસીઓને એક સુખદ પ્રવાસનો અનુભવ આપે છે. મા નર્મદાના શાંત કિનારે આવું જ એક આહ્લાદક પ્રવાસન સ્થળ પ્રવાસીઓ માટે વિકસિત કરવામાંઆવ્યું છે, બટરફ્લાય ગાર્ડન! આ ગાર્ડનમાં પ્રવાસીઓ વિવિધ પ્રજાતિના પતંગિયાઓને નિહાળી શકે છે. ૧૦ એકરમાં ફેલાયેલા બટરફ્લાય ગાર્ડનમાં પતંગિયાઓની ૭૦ વિવિધ પ્રજાતિઓ તેમજ પરાગ રજ કણો અને યજમાન છોડ (હોસ્ટ પ્લાન્ટ્સ)ની ૧૫૦ પ્રજાતિઓ આવેલી છે.આ પરાગરજ કણો અને યજમાન છોડ પતંગિયાઓને પોષણ તેમજ તેમના ઈંડા મૂકવા માટેનું સ્થાન પ્રદાન કરે છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ગુજરાતમાંએકતા નગર ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટરની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની સ્થાપના કરવામાં આવી છે. વડાપ્રધાનશ્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને તેની આસપાસના પરિસરને આકર્ષક પ્રવાસન સ્થળ તરીકે વિકસિત કરવાનું વિઝન આપ્યું હતું, જે આજે સાકાર થયું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શક નેતૃત્વ હેઠળ સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ (SoUADTGA), એકતા નગર સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવતા પ્રવાસીઓની સુવિધામાં વધારો કરવા અને તેમનો અનુભવ સુખદ બનાવવા સતત કાર્યરત છે. બટરફ્લાય ગાર્ડનની વિશેષતાઓ:

૧. પરાગ રજકણો અને યજમાન છોડ:
પતંગિયાની પ્રત્યેક પ્રજાતિનો પોતાનો એક યુનિક યજમાન છોડ હોય છે. બટરફ્લાય ગાર્ડનમાં રહેલી પતંગિયાઓની ૭૦ વિવિધ પ્રજાતિઓ માટે તેમની વિવિધ આવશ્યકતાઓને પૂરી કરવાના હેતુસર ૭૦ અલગ-અલગ યજમાન છોડવાઓ ઉગાડવામાં આવ્યા છે. ઉદાહરણ તરીકે, પ્લેઈન ટાઈગર બટરફ્લાય અકરા નામના છોડ તરફ આકર્ષિત થાય છે, કોમન ક્રો નામનું પતંગિયું કનેર છોડને પસંદ કરે છે, એવી જ રીતે લાઈમ બટરફ્લાય લીંબુડી પ્રત્યે આકર્ષિત થાય છે.

૨. પતંગિયાઓની વિવિધ પ્રજાતિઓ:
બટરફ્લાય ગાર્ડનમાં પતંગિયાની વિવિધ ૭૦ પ્રજાતિઓ પ્રવાસીઓને જોવા મળે છે, જેમાં કોમન ક્રો, પ્લેઈન ટાઈગર, બ્લૂ ટાઈગર, સ્ટ્રાઈપ્ડ ટાઈગર, ગ્લાસી ટાઈગર, મોટલ્ડ એમિગ્રન્ટ, લેમન પેન્સી, ચોકલેટ પેન્સી, પીકોક પેન્સી, કોમન રોઝ, ક્રિમસન રોઝ, બ્લેક રાજા, ઈન્ડિયન જેઝબેલ, એંગફ્લાય, પેઈન્ટેડ લેડી, પ્લેઈન કયુપિડ, સનબીમ, લાઈમ સ્વેલોટેઈલ, રેડ હેલન, બ્લૂ મોરમોન, ઈવનિંગ બ્રાઉન, રેડ પેરોટ વગેરે જેવી પ્રજાતિઓનો સમાવેશ થાય છે.

૩. પતંગિયાઓનું જીવનચક્ર:
બટરફ્લાય ગાર્ડનમાં પ્રવાસીઓ પતંગિયાઓનું આખુંજીવનચક્ર નિહાળી શકે છે. પતંગિયાઓનું જીવન ઈંડાથી શરૂ થાય છે, જેમાંથી થોડાક જ સમય પછી નાનકડી ઈયળ બહાર આવે છે. ઈયળ બહાર આવ્યા પછી ખાઉધરાની જેમ ખોરાક લેછે, ખૂબ જ ઝડપથી વૃદ્ધિ પામે છે અને પતંગિયામાં પરાવર્તિત થવા માટે તૈયાર થાય છે. ત્યારબાદ, તે 'પ્યૂપા' (ક્રિસાલિસ) તબક્કામાંથી પસાર થાયછે, એટલે કે રક્ષણાત્મક આવરણની અંદર એક ઉલ્લેખનીય પરિવર્તનમાંથી પસાર થાય છે. લગભગ ૨૫ દિવસ પછી તેમાંથી એક સંપૂર્ણ પતંગિયું બનીને બહાર આવેછે. પતંગિયાઓનું આયુષ્ય ૨ થી ૪ અઠવાડિયાનું હોય છે, જે દરમિયાન તેઓ પરાગનયનની પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. બટરફ્લાય ગાર્ડનમાં 'ઘૂઘરા' અને 'હાથી સૂંઢી' નામના બે વિશિષ્ટ પ્રકારના છોડ છે, જે ફક્ત નર પતંગિયાઓને જ આકર્ષે છે.

૪. બટરફ્લાય ગાર્ડન ખાતે ફોટો પોઈન્ટ:
બટરફ્લાય ગાર્ડનમાં ત્રણ ફોટો પોઈન્ટ્સ આવેલા છે, ૧) સેલ્ફી પોઈન્ટ, ૨) બટરફ્લાય લાઈફ સાયકલ અને ૩) બટરફ્લાય ગાર્ડનનું પ્રવેશદ્વાર. પ્રવાસીઓ આ પોઈન્ટ્સ પર ફોટા પાડીને પોતાના યાદગાર અનુભવોતસવીરમાં કેદ કરીશકે છે.

મહેસાણા રાજ્યસભાના સાંસદ મયંકભાઈ નાયક દ્વારા સફાઈ કર્મચારીઓ ને સાડી વિતરણ કર્યું

મહિલા સફાઈ કર્મીની સાડી તો પુરુષ સફાઈ કર્મીની પેન્ટ પીસ અને શર્ટનું કાપડ અપાયુ

કમલમ્ ન્યુઝ, ડેવિડ પટેલ
સફાઈ કર્મચારીઓના સન્માન માટે અનોખો કાર્યક્રમ થયો. સાસંદ મયંકભાઈ નાયકે પુરુષ સફાઈ કર્મીની કુમકુમ તિલક કરી ભેટ આપી. મહિલા સફાઈ કર્મીઓને મયંકભાઈના ધર્મપત્નીએ કુમકુમ તિલક કરી ભેટ આપી. મયંકભાઈ નાયકના કાર્યાલય ખાતે યોજાયો કાર્યક્રમ. નગરસેવક સંજય બ્રહ્મભટ્ટ અને પંકજસિંહ દરબાર તેમજ ટીમ દ્વારા કાર્યક્રમની રૂપરેખા કરાઈ હતી. મહેસાણા શહેરની તમામ મહિલા સફાઈ કર્મચારીને સાડી આપી સન્માનિત કરાઈ. મયંકભાઈ દર શ્રાવણ મહિનામાં ઉઘાડા પગે એટલે કે ખુલ્લા પગ રાખીને ચંપલ પહેર્યા વગર ફરતા હોય છે જે તેમનીવર્ષો જૂની ટેક છે તેઓ આ વખતે પણ સાંસદ બન્યા પછી પણ પૂર્ણ કરેલ. જેઓ સાદગી માટે અલગ તરી આવે છે. તમામ પુરુષ સફાઈકર્મીને પેન્ટ અને શર્ટનું કાપડ આપી સન્માનિત કરાયા. મયંકભાઈ નાયકના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન થયું.શહેરને સ્વચ્છ રાખતા સફાઈ કર્મીઓનું કુમકુમ તિલક કરી ભેટ આપી સન્માન આપ્યું. સોમવતી અમાસના પાવન પર્વ નિમિત્તે કાર્યક્રમ થયો. મયંકભાઈ નાયક અને પરિવારે સફાઈ કામદારોને પોતાના હાથે ભોજન પીરસ્યું..હાથ જોડીને સફાઈ કર્મીઓને જમાડ્યા.

ભારે વરસાદ અને પાણીના ભરાવાને પગલે રોગ અને જીવાતને અટકાવવા જરૂરી પગલાં ભરવાં જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને અનુરોધ

સમગ્ર જિલ્લામાં અંદાજે કુલ ૩.૩૨ લાખ હેક્ટરમાં વાવેતર, જેમાં મુખ્યત્વે ડાંગર પાકનું કુલ ૧.૪૮ લાખ હેક્ટર, કપાસ પાકનું ૫૯,૩૮૭ હેક્ટર તથા તુવેર પાકનું ૨૩,૩૮૬ હેક્ટરમાં વાવેતર

કમલમ્ ન્યુઝ,
ચાલુ ખરીફ સીઝનમાં અમદાવાદ જિલ્લામાં અંદાજે કુલ ૩.૩૨ લાખ હેકટરમાં વાવેતર નોંધાયું છે, જે પૈકી મુખ્યત્વે ડાંગર પાકનુ કુલ ૧.૪૮ લાખ હેકટર, કપાસ પાકનું ૫૯,૩૮૭ હેકટર તથા તુવેર પાકનું ૨૩,૩૮૬ હેકટરમાં વાવેતર નોંધાયું છે. તાજેતરમાં અમદાવાદ જિલ્લામાં ભારે વરસાદ તથા ઉપરવાસમાંથી પાણી આવવાના કારણસર, જિલ્લાના ગામોમાં ખાસ કરીને નીચાણ વાળા ભાગોમાં વાવેતર કરેલ ડાંગર, કપાસ તથા કઠોળ પાકમાંપાણી ભરાવાને કારણે પાક નુકસાન થવાની સંભાવના વર્તાઈ રહીછે. જે માટે પાણીનો યોગ્ય અને તાત્કાલિક નિકાલ થયા બાદ પાકને નુકસાન ન થાય અથવા એ કમ વિસ્તારમાં છોડની સંખ્યા ઘટવાથી ઉત્પાદનમાં નુકસાન ન થાય તે માટે જિલ્લાની ખેતીવાડી શાખા દ્વારા જરૂરી ભલામણ મુજબ યોગ્ય પગલાં લેવાં તમામ ખેડૂતોને અનુરોધ કરવામાં આવે છે. ખાસ કરીને કપાસ પાકમાં જ્યાં સતત પાણી ભરાવાના કારણસર છોડને પૂરતો ઓકસિજન ન મળવાથી, પાક જમીનમાંથી તત્ત્વ લઈ શકતો નથી. આ કારણસર પાન ખરવાના તથા પાક પીળો પડી વિકાસ રૂંધાવાના પ્રશ્ન ઉપસ્થિત થવાની સંભાવના છે. આ ઉપરાંત પાણી ભરાયેલાહોય અને ભેજવાળું તથા ગરમ વાતાવરણના કારણે પાકમાં મૂળની કહોવારોની પ્રશ્નઆવી શકે છે. જેના નિરાકરણ માટે નીચે પ્રમાણે પગલાં લઈ શકાય છે.

તાત્કાલિક ધોરણે પાણીનો નિકાલ કરવો તથા મૂળ વિસ્તારમાં સળિયાથી હવાની અવર-જવર માટે કાણાં પાડવાં.

અસર પામેલાછોડની ફરતે ૩% પોટેશિયમ નાઈટ્રેટ અથવા ૧ યુરિયાનુંદ્રાવણ રેડવું તેમજ ૧ ગ્રામ કોબાલ્ટ ક્લોરાઈડ ૧૦૦ લીટરમાં ઓગાળી દ્રાવણ બનાવી છંટકાવ કરવો

અસરગ્રસ્ત ખેતરમાં ફુગજન્ય રોગો અટકાવવા ફુગનાશક કાર્બેન્ડાઝીમ ૧% દવાનું ૧૦ ગ્રામ પ્રતિ ૧૦ લીટર પ્રમાણે તૈયાર કરીને છોડની ફરતે રેડવું.

ઉપરોક્ત ભલામણ ઉપરાંત બીટી કપાસમાં છોડ ઉપર ફૂલભમરી અને જીંડવાઓ બેઠા હોય ત્યારે પાણીઅને પોષકતત્ત્વોની અછત જોવા મળે તેમાં ૧૯-૧૯-૧૯(એન પી.કે.) પાણીમાં દ્રાવ્ય ખાતર ૧૦૦ ગ્રામ ૧૫ ગ્રામ માઈક્રોમિકસ ગ્રેડ-૪, ૧૦ લીટર પાણીમાં ઓગાળી પાન ઉપર છંટકાવ કરવો તથા બિન પિયત પાકોમાં ખાસ કરીનેનેનો યુરિયાનો પણ એક પંપમાં ૬૦મિલી. જેટલો જથ્થો લઈ સ્પ્રે કરવા જણાવવામાં આવે છે.

આ સિવાય ડાંગર પાકમાં લાંબા સમય સુધી પાણી ભરાવાના કારણસર તથા ભેજવાળા વાતાવરણને કારણે પાન વાળનારી ઈયળ તથા કરમોડી (બ્લાસ્ટ) નામના રોગ તથા જીવાત આવવાની સંભાવના છે. તથા ઘણી જગ્યાએ ડાંગર પાકમાં બ્લાસ્ટના ઉપદ્રવ જોવા મળ્યો છે. જેના માટે નીચે પ્રમાણે તકેદારી રાખવી જોઈએ.

પાન વાળનાર ઈયળનો ઉપદ્રવ શરૂ થયેથી પ્રવાહી કીટનાશકો જેવાં કે, ક્લોરાન્ટ્રાનિલીપ્રોલ ૧૮:૫ એસસી (૩ મિલી/૧૦ લી. પાણી) અથવા કાર્ટેપ હાઈડ્રોક્લોરાઈડ ૭૫ એસજી (૧૦ ગ્રામ / ૧૦ લી. પાણી) અથવા ફ્લુબેન્ડિયામાઈડ ૪૮૦ એસસી (૩ મિલી ૧૦ લી. પાણી) મુજબ છંટકાવ કરવો.

જરૂર જણાય તો બીજો છંટકાવ ૧૫ દિવસ બાદ કરવો. તથા ડાંગરમાં કરમોડી (બ્લાસ્ટ) જણાયેથી તરત જ ટ્રાયસાયકલાઝોલ ૭૫ વે.પા (૬ ગ્રામ/૧૦ લિટર) અથવા આઈપ્રોબેનફોસ ૪૮ ઈસી ૧૦ મિ.લી. અથવા કાર્બેન્ડાઝીમ ૫૦ વે.પા. (૧૦ ગ્રામ/૧૦ લિટર) પાણીમાં ઉમેરી ૧૫-૨૦ દિવસના અંતરે પ્રતિહેક્ટરે ૪૦૦થી ૫૦૦ લિટર મુજબ છંટકાવ કરવો.

ખેડૂતો પહેલો છંટકાવ રોગની શરૂઆત થાય ત્યારે અને બીજો છંટકાવ કંટી નીકળવાના સમયે કરીશકાય છે.

હાલમાં પાણી ભરાવાના કારણસર ખેતરમાં જઈ છંટકાવ થઈ શકે તેવી પરિસ્થિતમાં ન હોય તો સરકારશ્રીની ડ્રોનસ્પ્રેની યોજનાનો લાભ લેવામાટે રસ ધરાવતા ખેડૂતો આઈ ખેડૂત પોર્ટલ પર અરજી કરી લાભ મેળવી શકે છે. આ અંગે વધુ જાણકારી માટે ખેડૂતો પોતાના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામકશ્રીની.કચેરીનો સંપર્ક કરી શકે છે, એવું જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની એક યાદીમાં જણાવાયું છે.

શ્રાવણના છેલ્લા સોમવારે વલસાડના નવરંગ ગૃપની ભક્તિ ટીમનું આછવણીમાં પ્રગટેશ્વર દાદાને ભક્તિમય ચરણ સ્પર્શ

પ્રગટેશ્વર ધામ આછવણીમાં શ્રાવણ માસ સમાપન દિવસે ભગવાન શિવની ભાવમય આરાધના

કમલમ્ ન્યુઝ,વલસાડ

પ્રગટ પ્રગટેશ્વર ધામ આછવણી ખાતે શ્રાવણ માસના છેલ્લા સોમવારે ધર્માંચાર્ય પરભુદાદા અને રમાબાના પરમ સાનિધ્યમાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોયોજાયાહતા. જેમાં વ્હેલી સવારે એક કુંડી લઘુરુદ્રયજ્ઞ તેમજ પ્રગટેશ્વર મહાદેવનો અભિષેક કરાયોહતો. હર હર મહાદેવ ભમ ભમ ભોલે નાદથી સમગ્ર પરિસર ધાર્મિકમય બન્યું હતું. યજ્ઞ, અભિષેક સહિત દરેક પૂજાવિધિ શાસ્ત્રોક્ત રીતેભૂદેવો કશ્યપભાઈ જાની અને ચિંતનભાઈ જોષીએ કરાવી હતી. આ વર્ષના શ્રાવણ માસની વિશેષતા એ હતી કે દર સોમવારે વરુણ દેવની કૃપાથી વરસાદે મન મૂકીને ભોલેનાથનો અભિષેક કર્યો હતો. વલસાડના નવરંગ ગ્રુપની ભક્તિ ટીમે શૈલેષ જૈનના માર્ગદર્શન હેઠળ "ચરણ સ્પર્શ"નામનો અનોખોગુરુ વંદના ભક્તિમયકાર્યક્રમ રજૂ કર્યોહતો. જેમાં ગાયક કલાકારોતરીકે વૈદિક પટેલ, પાયલ ભાવસાર, ચેતના કોડવની, અનુયાબેન વૈદ્ય, રીનાબેન, મિતેષ દેસાઈ, નિલેશ પટેલ, ચેતન પટેલ અને ભવ્યા કોડવાની જ્યારે એન.જી. ટીમમાં જીમીભાઈ, યોગેશભાઈ, વિનોદભાઈ, ભવિનભાઈ તેમજ પિયુષભાઈએ તેમનું મહત્વનું યોગદાન આપ્યું હતું. આ અવસરે ધર્માંચાર્ય પરભુદાદાએ ભગવાન શિવના આશીર્વાદ સૌનીઉપર બની રહે તેવી શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, પ્રગટેશ્વર મહાદેવના સાનિધ્યમાં કોઈ વસ્તુ માંગવામાં આવતું નથી સ્વયં થાય તે સત્યનાસિદ્ધાંતો સાથેઅહીં દરેક કામો સ્વયં થાય છે, એ જ સાચી ભક્તિ છે. આપણેખેતરમાં જઈને કંઈ કામ ના કરીએ તો કોઈ ફળ મળતું નથી તેવી જ રીતે તીર્થસ્થાનોમાં જઈને કોઈ દાન પુણ્ય ના કરીએ તો કોઈ ફળ મળતું નથી, જેથી તીર્થમાં જઈએ તો યથાશક્તિ દાન કરવુંજોઈએ. તેમણે ભગવાન શિવનો કાર્યક્રમમાં ઉપસ્થિત ભુદેવોનો આભાર વ્યક્ત કર્યો હતો. આજે રજૂ કરેલા ભક્તિમય કાર્યક્રમ ચરણ સ્પર્શના સંચાલક શૈલેષભાઈ જૈન અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. નવરંગ ગ્રુપના ડાયરેક્ટર શૈલેષભાઈ જૈનએ જણાવ્યું કે, આજનો ચરણ સ્પર્શ કાર્યક્રમ અહીંના પ્રગટેશ્વર શિવપરિવાર જે દાદાને પગે પડી ચરણ સ્પર્શ કરે તેના ઉપરથી રાખવામાંઆવ્યો છે. ભાવસાગરથી પાર કરવા માટે સાચા ગુરુની જરૂર છે, જે તમને પરભુદાદાના રૂપમાં મળ્યા છે. આપણેદાદાને દુઃખમાંયાદ કરીએ છીએ પણ જો સુખમાં યાદ કરીએ તો દુઃખ આવવાનો પ્રશ્ન જ નહીં આવે, તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. કથાકાર ભાસ્કરભાઈ દવે, ભુદેવ ચિંતનભાઈ જોશી તેમજ પ્રગટપ્રગટેશ્વર મહાદેવમંદિર સેવા સમિતિ મહારાષ્ટ્ર પ્રમુખ આર.કે. ખાંદવેએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. પ્રગટ પ્રગટેશ્વર મહાદેવ મંદિર સેવા સમિતિ પ્રમુખ બીપીનભાઈ પરમારે સ્વાગત પ્રવચનમાં સૌને આવકાર્યા હતા. પાણીખડક હાઈસ્કૂલની બાળાઓએ ભગવાન શિવજીનો સુંદર ગરબો રજૂ કર્યો હતો. સોમવારની પૂર્વ સંધ્યાએ માસિક શિવરાત્રીની ઉજવણી પણ કરવામાં આવી હતી. આ અવસરે ચીખલીના ભજન મંડળે ભગવાન શિવના ભજનોની રમઝટ બોલાવી હતી. આ શુભ અવસરે પ્રગટેશ્વર સેવા સમિતિ પ્રમુખ બીપીનભાઈ પરમાર, મહારાષ્ટ્ર પ્રમુખ આર.કે.ખાંદવે, મંત્રી હેમંતભાઈ પટેલ, ખજાનચીઅમિતભાઈ પટેલ, પ્રગટેશ્વર મહિલાપ્રમુખ સીતાબેન પટેલ, પૂર્વ સાંસદ કિશનભાઈ પટેલ, શિવપરિવારના વિનોદભાઈ પટેલ(મામા), વિપુલભાઈ પંચાલ, અપ્પુભાઈ પટેલ, પ્રવિણભાઈ મિસ્ત્રી, કૃપાશંકરયાદવ, મયંકભાઈ બ્રહ્મભટ્ટ, કાંતિભાઈ દમણિયા, સોમાભાઈ આહિર, ભાવેશભાઈ સહિત ગુજરાત-મહારાષ્ટ્ર શિવ પરિવાર મોટી સંખ્યામાં હાજર રહ્યાહતા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિસર ખાતે શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ માટે ખેલકુદ મહોત્સવ યોજાયો

કમલમ્ ન્યુઝ,

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતનાં યુવક કલ્યાણ અને શારિરીક શિક્ષણ વિભાગ દ્વારા વિશ્વવિદ્યાલયના કન્વેનશન હોલ ખાતે ખેલ રત્ન મેજર ધ્યાનચંદજીની જન્મ જયંતિનાં ભાગરૂપે "રાષ્ટ્રીય ખેલકૂદ દિવસ'નું આયોજન કરવામાં આવેલ હતું.

સદર કાર્યક્રમનાં માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબશ્રી, માનનીય કુલસચિવશ્રીડૉ. આર.સી. ગઢવી દ્વારા કાર્યક્રમને અનુરૂપઉદબોધન આપવામાં આવ્યુંહતું. ક્રીડાભારતી, સુરતના મંત્રીશ્રી મનોજભાઈ સાવલિયા દ્વારા મેજર ધ્યાનચંદજીનાં જીવનની કારકિર્દીની ઝાંખી કરાવી હતી. વિશ્વવિદ્યાલયના યુવક કલ્યાણ અને શીરીરિક શિક્ષણ વિભાગના ઓ.એસ.ડી ડૉ પ્રકાશચંદ્ર પી. પટેલ હાજર રહીને મહેમાનોઅને ભાગ લેનાર ખેલાડીઓનું શાબ્દિક સ્વાગત અનેઆભારવિધિ કરવામાં આવી હતી.

ક્રિડાભારતી, સુરતનાં રમતવીરોદ્વારા પિટ્ટુ રમતનો ડેમો બતાવવામાં આવેલ હતો. ખેલકૂદ દિવસ નિમિતે વોલીબોલ ૧૦૦ મીટર દોડ, લંગડી, કોથળા કૂદ, લીંબુ ચમચી, ટેબલ-ટેનિસ, ચેસ, દોરડા કૂદ જેવી દેશી રમતો રમાડવામાં આવી હતી. સદર સ્પર્ધામા વિશ્વવિદ્યાલય પરિસરના વિદ્યાર્થી ભાઈઓ, બહેનો, વહીવટી શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓએ મોટી સંખ્યામાં ભાગલીધેલ હતો.

અમદાવાદ જિલ્લામાં અતિવૃષ્ટિ બાદ ભરાયેલાં વરસાદી પાણીમાં જંતુનાશક દવા છંટકાવની કામગીરી કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ જિલ્લામાં મેલેરિયા અને ડેન્ગ્યૂ વિરોધી ડ્રાઈવ અંતર્ગત દરેક તાલુકામાં અતિ વરસાદની પરિસ્થિતિ બાદ વિવિધ ગામડાંઓમાં વરસાદી પાણી ભરાવો થતાં ત્યાં મચ્છરજન્ય રોગચાળો ન ફેલાય તે હેતુસર અમદાવાદના તમામ ગામડાંઓમાં ભરાયેલાં વરસાદી પાણીમાં અમદાવાદ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જંતુનાશક દવા છંટકાવની કામગીરી હાથ ધરવામાં આવી છે. આરોગ્ય વિભાગ દ્વારા સર્વેન્સલ કામગીરી હાથ ધરીને દરેક તાલુકાના ગામડાંઓમાં મચ્છરોના બ્રીડિંગને ખતમ કરવા તથા મચ્છરોનો ફેલાવો અટકાવવા આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા અગ્રતાના ધોરણે આ કામગીરી કરવામાં આવી હતી. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તંત્ર દ્વારા મચ્છરોનાં ઉત્પત્તિ સ્થાનોને નાબૂદ કરીસમયાંતરે થતી પોરાનાશક કામગીરી અને મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા માટેના સક્રિય પ્રયાસોથી અમદાવાદ જિલ્લામાં મચ્છરજન્ય રોગચાળાના નિયંત્રણમાં મદદરૂપ થશે.

કપરાડાની ખડકવાળ પ્રાથમિક શાળામાં રકતદાન કેમ્પ યોજાયો

કમલમ્ ન્યુઝ,વલસાડ

કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા ખડકવાળ ગામે ખડકવાળ પ્રાથમિક શાળામાંસાકાર જીવન વિકાસ ટ્રસ્ટ મુંબઈ, રોટરી વાપી રીવરસાઈડ, શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર, RAINBOW WARRIORS DHARAMPUR, પાર્થ ટ્રેડર્સ વાપી અને ખડકવાળ પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય કાશીરામભાઈએ સ્વાગત પ્રવચન અને કપરાડાતાલુકાના બી.આર.સી કો.ઓ સંજયભાઈ દૂરજીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. RAINBOW WARRIORS DHARAMPUR નીઅનોખી પરંપરામુજબ વ્યક્તિ વિશેષતરીકે દરેક રકતદાન કેમ્પમાં રસોઈયા તરીકેની ફીમાં સેવા આપનાર શાંતારામભાઈનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. રકતદાતાઓને પાર્થ ટ્રેડર્સ વાપી તરફથી ટુવાલ , સાકાર જીવન વિકાસટ્રસ્ટ મુંબઈ તરફથી ટીફીન બોક્ષ, રોટરી વાપી રીવરસાઈડ તરફથી દીવડી તથા થેલી, શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર તરફથી હેલમેટ આપી પ્રોત્સાહિતકર્યાહતા. ખડકવાળ શાળા પરિવાર તરફથી તમામ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પ્રસંગે અરુણભાઈ અગરકર ટ્રસ્ટી (એન્જિનિયર એસોસીએશન વાપી), પાર્થિવ મહેતા (પાર્થ ટ્રેડર્સ વાપી), પરમેશ્વર બંગ (પ્રમુખ રોટરી વાપી), મનીષ ભાવસાર, ગૌતમ ભાવસાર , સોનલ ભાવસાર, કૃષિત શાહ, સંજય દરજી બી.આર.સી. કો. કપરાડા, જયેશ પાડવી (સી. કાર્યાધ્યક્ષ વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ), કિરણભાઈભોરસટ આચાર્ય ખરેડી, નીલોફરશેખ સી.આર.સી મનાલા, જયંતિ પટેલ શીતલ છાંયડોલાઈબ્રેરી નગરીયા, સ્નેહલ પટેલ કુસુમ ફાઉન્ડેશન જયેન્દ્રભાઈ ગાંવિત સરપંચ મનાલા, રાજેશભાઈ રાઉત સામાજિક કાર્યકર, નીતા પટેલ, દર્શના પટેલ, અશોક પટેલ તથા મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહી રક્તદાન કરીરક્તદાતાઓનેપ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા ખડકવાળ શાળા પરિવારના આચાર્ય કાશીરામભાઈ , ભાવનાબેનપટેલ ,પ્રગતિબેન ટંડેલ, ભરતભાઈ , તેજસભાઈ તથા તમામ સ્ટાફમિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી કાર્યક્રમનું આયોજન તથા સંચાલન ખડકવાળ શાળા પરિવાર, બી.આર.સી કપરાડા, સી.આર.સી મનાલા તથા RAINBOW WARRIORS DHARAMPUR ના કો.ઓર્ડીનેટર શંકર પટેલે કર્યું હતું.

વલસાડ જિલ્લામાં દૈનિક ધોરણે મેટલ, જે.એસ.બી. અને વેટમિકસ મટિરીયલથી રસ્તા પેચવર્કથી રાહત

૩૫થી વધુ જીસીબી, ૪૪ થી વધુ ડમ્પર-ટ્રેક્ટર અને ૧૨૫ લેબરો દ્વારા નિયમિત કામગીરી

વલસાડ

ચોમાસાની ઋતુમાં વલસાડ જિલ્લામાં પડેલા સાર્વત્રિક ભારે વરસાદને કારણે પંચાયત માર્ગ અને મકાન વિભાગ વલસાડ હસ્તકના કૂલ ૨૬૩ જેટલા રસ્તાઓને તેમજ ૪૨ જેટલા ડૂબાવ કોઝવે/નાળાના એપ્રોચ સ્લેબ/વેરીંગકોટને નુકશાન નુકશાન થયું હતું. જેને પંચાયત માર્ગ અને મકાન વિભાગ, વલસાડના તાબા હેઠળની પેટા વિભાગીય ઓ કચેરીઓના અધિકારી/ કર્મચારીઓદ્વારા સતત સ્થળ મુલાકાત કરી અંદાજિત ૩૫ થી વધુ જે.સી.બી., ૫૫ થી વધુ ડમ્પર/ટ્રેકટર, રોલર તથા અન્ય મશીનરીઓ અને ૧૨૫ જેટલા લેબરો દ્વારા દૈનિક ધોરણે મેટલ/ જી.એસ.બી/વેટ મિક્સ વિગેરે મટિરીયલથી પેચવર્કની કામગીરી પૂર્ણ કરી રસ્તાને વાહન વ્યવહાર માટે ટ્રાફિકેબલ બનાવાયા. પેચ વર્કની કામગીરી નિયમિત ધોરણે ચાલુ છે. હાલમાં જ તા.૨૫ ઓગસ્ટના રોજ થયેલા સરેરાશ ૧૦ ઈંચ થી વધુ વરસાદના કારણે પંચાયત માર્ગ અને મકાન વિભાગ હસ્તકના ૧૪૬ રસ્તા ઓવર ટોપીંગના કારણે બંધ થયા હતા. વરસાદ બંધ થઈ પાણી ઓસરતા થયેલાનુકશાનને રીપેર કરી ૧૪૫ રસ્તાઓનો વાહનવ્યવહાર માટે પુનઃ શરૂ કરવામાં આવ્યા છે. જ્યારે કપરાડા તાલુકોનો ૧ રસ્તો ડૂબાવ કોઝવેનેકારણે જે હાલ બંધ છે. જેના ઉપર સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ દ્વારા મેજર બ્રિજના બાંધકામ ની મંજૂરી મળી છે. જેની કામગીરી આગામી સમયમાં શરૂ કરવામાં આવશે.

ભારે વરસાદ બાદ કચ્છ જિલ્લાનું આરોગ્ય તંત્ર એકશન મોડમાં

આરોગ્ય વિભાગની ૩૫૦થી વધુ ટીમ નાગરિકોની મેડિકલ તપાસ, સર્વેલન્સ સહિતની તબીબી કામગીરીમાં જોતરાઈ

કમલમ્ ન્યુઝ,ભુજ,

કચ્છ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથીપડેલા ભારેવરસાદ બાદ પાણીજન્ય અનેમચ્છરજન્ય રોગોફેલાય એવીસંભાવના રહેલીહોય છે. જેથી સાવચેતીના ભાગરૂપે કચ્છ જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે. કચ્છ જિલ્લામાં ભારે વરસાદ બાદ રોગ અટકાયતી પગલાં માટે આરોગ્ય વિભાગદ્વારા ૩૫૦થી વધુ ટીમો બનાવવામાં આવી છે. જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરાની સૂચના મુજબ મુખ્ય જિલ્લાઆરોગ્ય અધિકારી ડૉ. રવિન્દ્ર ફુલમાલીના દિશાનિર્દેશ અનુસાર દરેક તાલુકામાં તાલુકા આરોગ્ય અધિકારીશ્રીને ફરજ સોંપવામાંઆવી છે. આરોગ્ય વિભાગદ્વારા મેડિકલ ઓફિસર, કમ્યુનિટી હેલ્થ ઓફિસર, સેનેટરી ઈન્સ્પેકટર સહિત મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર્સને ચોક્કસ જવાબદારી સોંપી પૂરજોશમાંતબીબી કામગીરી કરવા જણાવવામાં આવ્યું છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્યકર્મીઓ દ્વારા ઘરે-ઘરે જઈને પાણીની તપાસ કરવામાં આવેછે. આ ઉપરાંત, પાણીભરાયા હોય તેવા પાત્રો, ટાયર વગેરેનો નાશ કરીને મચ્છરજન્ય રોગચાળાને ડામવા સલાહ સૂચન આપવામાં આવી રહ્યું છે. કચ્છ જિલ્લામાંઆરોગ્ય વિભાગના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સબ સેન્ટરનો સ્ટાફ વિવિધ ગામડાંઓની મુલાકાત લઈને નાગરિકોને આરોગ્યલક્ષી સૂચનાઓ આપીને ગામના પીવાના પાણીના ટાંકામાં યોગ્ય ક્લોરિનેશન થાય તે બાબતને સુનિશ્ચિત કરી રહ્યો છે. આ ઉપરાંત પાણી સુપર ક્લોરિનેટેડ કર્યા બાદ ઉકાળીને પીવાથી પાણીજન્ય રોગચાળાને ફેલાતો અટકાવી શકાય છે તેમ નાગરિકોને સલાહ આપવામાં આવી રહી છે. પાણી ભરાયેલા ખાડા ખાબોચિયાઅને અસરગ્રસ્ત વિસ્તારોમાં ફ્લાયફ્લોઝોદવાઓના છંટકાવથી એન્ટી લાર્વલએક્ટિવિટીને યુદ્ધના ધોરણે કરવામાંઆવી રહીછે.? ભારે વરસાદથી અસરગ્રસ્ત તાલુકાઓ જેમ કે માંડવી, મુન્દ્રા, અબડાસા અને લખપતમાં વિશેષ અભિયાન અંતર્ગત સર્વેલન્સની કામગીરી કરીને નાગરિકોને સારવાર આપવામાં આવી રહી છે. લોકોને સામાન્ય તાવ આવે તોપણ નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, સબ સેન્ટર, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ અને જિલ્લા સરકારી હોસ્પિટલમાં તપાસ કરાવવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

સ્વામિનારાયણ યુનિવર્સિટી અને સ્પોર્ટ ઓથોરિટી ઓફ ગુજરાતના સંયુકત ઉપક્રમે યુનિવર્સિટી ખાતે રમતગમત સંકુલ બાબતે વિશેષ ચર્ચા

કમલમ્ ન્યુઝ,

શ્રી સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરુકુળ ,કલોલ ,ગાંધીનગર સંચાલિત વિશ્વની પ્રથમ સ્વામિનારાયણ સંપ્રદાયની એકમાત્ર એવી સ્વામિનારાયણ યુનિવર્સિટીના ઉપપ્રમુખ શાસ્ત્રી સ્વામી ભક્તવત્સલદાસજી અને શાસ્ત્રી સ્વામી કરુણાસાગરદાસજી દ્વારા આજરોજગુજરાત રાજ્યના સ્પોર્ટ્સ ઓથોરિટી ના ડાયરેક્ટર જનરલ શ્રી આર.એસ નીનામા સાહેબ સાથે શુભેચ્છા મુલાકાત કરવામાં આવીહતી..આ મુલાકાત દ્વારા સ્વામિનારાયણ યુનિવર્સિટી અને સ્પોર્ટ ઓથોરિટી ઓફ ગુજરાતના સંયુકત ઉપક્રમે યુનિવર્સિટી ખાતે રમતગમત સંકુલ બાબતે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. આ બાબતે વિશેષમાં રમત ગમત તેમજ ફિઝિકલ તાલીમ સંદર્ભે સરકાર શ્રી દ્વારા જિલ્લા કક્ષાએ સ્પોર્ટ સ્કૂલની મંજૂરી આપવામાંઆવે છે.સમયની માંગ મુજબ યુનિવર્સિટીના પદાધિકારીઓ દ્વારા વિનંતી સહ રજૂઆત કરવામાં આવી હતી કે જિલ્લાકક્ષાએ સરકારશ્રીદ્વારાએક થીવધુ સ્પોર્ટ્સ સ્કૂલતેમજ કોલેજોને મંજૂરી આપવામાં આવે જે થકી આજના વિદ્યાર્થીઓ તેમજ નવ યુવાનોનેશિક્ષણ સાથેસ્પોર્ટ્સ અને અન્યશારીરિક તાલીમથકી આપણે યુવાનોને વધુ સશકત બનાવી શકીશું. આસંદર્ભે સ્વામીનારાયણ યુનિવર્સિટીના ડેપ્યુટીરજીસ્ટ્રાર ડૉ. વિજયકુમાર ગઢવીદ્વારા જણાવવામાં આવ્યું હતું કે અગામી સમયમાં યુનિવર્સિટી ખાતેરમતગમત તેમજ વિશેષ તાલીમ બાબતે સ્પોર્ટ્સ ઓથોરિટીઓફ ગુજરાત ના સહયોગથી નવીન અભ્યાસક્રમો અને તાલીમનું આયોજન કરવામાં આવશે .જેનો લાભ યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓ તેમજ જિલ્લા કક્ષાએ યુવાનોને સ્પોર્ટ્સ સંલગ્ન તાલીમ આપી અને રાષ્ટ્રીય લેવલે વિવિધ રમતોમાં નામના મેળવી અને સંસ્થાનું તેમજ સમગ્ર રાજ્યનું નામવિશ્વ ફલકપર રોશનકરે એવી અભિલાષા વ્યક્તિ કરવામાં આવી હતી.

ઝાવડાના પૂરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લેતાં વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલ

આહવા

ડાંગજિલ્લાના વઘઈ તાલુકામાં આજે ભારે વરસાદ નોંધાયો હતો. જેને પગલેવઘઈથી નજીક આવેલા ઝાવડા ગામમાં અતિભારે વરસાદના સમાચાર મળતા, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક-વ-ડાંગ જિલ્લાના ધારાસભ્ય શ્રીવિજયભાઈ પટેલેતાત્કાલિક ઘટનાસ્થળે દોડીજઈ, ગામની મુલાકાત લીધી હતી. ઝાવડા ગામમાં સર્વત્ર પાણી ભરાઈ જતાં ગામમાં જળબંબાકારની પરિસ્થિતિનું નિમાર્ણથયું હતુ. આ ગામની બે દુકાનોમાં સંપુર્ણ પાણી ભરાઈ જતાં દુકાનનો સામાન પાણીમાં તણાઈ ગયો હતો. શ્રી વિજયભાઈ પટેલે સ્થાનિક વહિવટી તંત્રના અધિકારીશ્રીઓ, સાથે ગામની મુલાકાત લઈ નુકશાની અંગે સમીક્ષા હાથ ધરી હતી. તેમજ નુકસાન પામેલા ઘર, દુકાનો, ખેતી વિગેરેનો સર્વે કરી તાત્કાલિક સહાય અને વળતર ચુકવણાં અંગે અધિકારીશ્રીઓને માર્ગદર્શન આપ્યું હતુ. ધારાસભ્યશ્રી સાથેની આ મુલાકાત દરમિયાન વઘઈ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી ચંદરભાઈ ગાવિત, વઘઈ તાલુકા વિકાસ અધિકારી સુશ્રી મિનાબેન પટેલ સહિત માર્ગ અને મકાન વિભાગના અધિકારી, કર્મચારીઓ સ્થાનિક આગેવાનો વિગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028